January 2020

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 14 ● Issue 03 / 155
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દીની ઉજવણી મુંબઈ ખાતે ઉત્સાહપૂર્વક ઉજવાઈ તેજ રીતે પાટણ ખાતે પણ **તા. ૧૬-૧૨-૨૦૧૯ને રવિવારે હેમચન્દ્રાચાર્ય યુનિવર્સિટીના કનવેન્સન હોલમાં ભવ્ય રીતે ઉજવવામાં આવી.** આ પ્રસંગે મનોરંજન કાર્યક્રમની સાથે પાટણની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉલ્લેખનીય યોગદાન આપનાર મહાનુભવોનું **''સ્મૃતિ ચિન્હ્''** આપી સન્માન કરવામાં આવ્યું.

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીની સાથે મંડળ સંચાલિત બી.ડી. હાઈસ્કુલના ૭૫ વર્ષ નિમિત્તે અમૃત મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બી.ડી.હાઈસ્કુલના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને આલેખતો અને વિદ્યાલયની સવિસ્તાર માહિતી સભર **''સૌરભ''** નામથી સુંદર અંક પ્રકાશિત કરવામાં આવેલ. બી.ડી. હાઈસ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિવિધ શહેરોમાંથી આ પ્રસંગે પાટણ પધારી શાળા પ્રત્યેની આત્મિયતા અને અહોભાવ દર્શાવ્યા. શાળાની પ્રગતિ અને વિકાસ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સક્રીય સાથની સાથે, આર્થિક સહયોગ પણ આપી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે. શાળાના આ ત્રિદિવસીય સમારોહને સર્વાંગ સુંદર બનાવનાર વિદ્યાલય સમિતિના પદાધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન.

શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ સમિતિ દ્વારા આપણા સમાજના તેજસ્વી **વિદ્યાર્થીઓને પારિતોષિક આપવાનો સમારંભ તા. ૨૨-૧૨-૨૦૧૯ ના હિન્દી વિદ્યાભવન હોલમાં સંપન્ન થયો.** આ પ્રસંગે આ વિદ્યાર્થીઓને ભવિષ્યની શૈક્ષણિક કારકીર્દિ માટે માહિતગાર કરવા આપણા સમાજના જ ત્રણ વિદ્યાર્થી વક્તાઓએ સુંદર માહિતીસભર વક્તવ્ય આપ્યા. અન્ય એક વક્તાએ સાઈબરક્રાઈમ વિશે સારી જાણકારી આપી અને ઈલેક્ટ્રોનિક મિડિયા સાથે સંલગ્ન વિવિધ કોર્સથી સૌને માહિતગાર કર્યા. ઉપર્યુક્ત પ્રસંગે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વક્તવ્ય આપનાર ચારે વક્તાઓનો હું આભાર માનું છું.

આ કાર્યક્રમની શરૂઆતમાં પાટણ પ્રતિબિંબમાં આપણા સમાજનાં સભ્યો તરફથી લખાતા લેખો, કવિતા માટે **શ્રી નેમચંદ જેશંગલાલ ગુંદરવાલા** તરફથી પ્રથમ ત્રણ કૃતિઓને પારિતોષિક અપાય છે. આ વિજેતાઓના નામ જાહેર કરી પારિતોષિકો અર્પણ કરાયા હતા. સંસ્થા વતી આ ત્રણે વિજેતાઓને અભિનંદન.

ગત્ બે વર્ષથી રમાતી પાટણ પ્રિમિયર લીગની ક્રિકેટ ટુર્નામેન્ટ આ વર્ષે પણ રસપ્રદ બની રહી. સાત ટીમના સમાવેશ કરી રમાયેલ આ ટુર્નામેન્ટમાં સમાજના યુવાનો ઉત્સાહભેર સામેલ થાય છે અને તેથી પણ વધુ **ઉત્સાહથી ક્રિકેટ પ્રેમીઓ યુટ્યુબ ઉપર તેમજ મેચના સ્થળે હાજર રહી રોમાંચ અનુભવે છે.** સમાજના સૌને માટે રમતગમતનું આ પ્લેટફોર્મ સ્નેહ, સંપર્ક અને સહકારનું માધ્યમ બનતું જાય છે તેનો આનંદ છે. સ્પોર્ટ્સ કમિટિના સભ્યોને આ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરવા બદલ ધન્યવાદ.

શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના કેમ્પસમાં શાળાના વિદ્યાર્થીઓને રમતગમત માટેની વધારાની સુવિધા તેમજ શાળાકીય કાર્યક્રમો માટે એક સુંદર શુસોભીત રંગમંચ મળી રહે તેવા શુભ આશયથી બ્રાહ્મણવાડાના **ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી** તરફથી **''સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સેન્ટર''ને તેમના ધર્મપત્ની શ્રીમતી ભારતીબેનનું નામ આપવાની શરતે રૂા. ૧૫ લાખની સખાવત આપવાનું સ્વીકારેલ છે,** તેને બિરદાવું છું.

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણીના કાયમી સંભારણારૂપે પાટણ પ્રતિબિંબનો માહે ડિસેમ્બર ૨૦૧૯નો દળદાર આકર્ષક વિશેષ અંક સંસ્થાના દાતાઓ અને કાર્યકરોને બિરદાવવા સાથે તેઓશ્રીના ફોટા સહીત વિસ્તૃત પરિચય પ્રકાશિત કરવામાં આવેલ, જેને સમાજ તરફથી સુંદર પ્રતિસાદ સાંપડેલ છે તે બદલ સંપાદક સમિતિને હાર્દિક અભિનંદન.

સમય વણથંભી ગતિ - પ્રગતિ – કરતું જ રહે છે, દિવસ પછી રાત અને સાંજ પછી સવાર ઊગ્યા જ કરે છે, તારીખની સાથે સાથે કેલેન્ડરના પાનાઓ પણ ફરતા જ રહે છે અને એક પછી એક દિવસની પુર્ણાહુતીએ નવું વર્ષ આપણા દરવાજે દસ્તક દેતું રહે છે. તેવાજ સને ૨૦૨૦ના નવલા વર્ષની નૂતન પ્રભાતે આપને હાર્દિક શુભેચ્છા આપતા હર્ષની લાગણી અનુભવું છું.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**



# શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ

શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ સમિતિ દ્વારા ગયા વર્ષે ઝળહળતી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને સન્માન સમારોહ હિન્દી વિદ્યાભવનના હોલમાં **તા. ૨૧-૧૨-૨૦૧૯ને** દિવસે યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ પ્રમુખસ્થાને હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે સફળ કારકીર્દિ ધરાવનાર પાટણ સમાજના ૩ અને પાટણ સમાજની બહારના ૧ એમ **૪ વિશિષ્ટ વ્યક્તિઓ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.**

પાટણના લીમડીના પાડાના **શ્રી અજીતભાઈ શાહ** Export Import માં કન્સલટન્ટ તરીકે ખ્યાતનામ છે, અનેક સંસ્થાઓમાં સલાહકાર તરીકે સેવા આપતા શ્રી અજીતભાઈ આ ક્ષેત્રના નિષ્ણાંત છે. Export ના ધંધામાં વ્યાપારની કોઈ સીમાં નથી હોતી તે અંગે સમજણ આપી. પાટણના કનાસાના પાડાના **શ્રી સાગર રોહિતભાઈ** કે જેઓ HSBC બેન્કમાં વાઈસપ્રેસીડન્ટ તરીકે કામ કરે છે, તેમને પણ તમામ વિદ્યાર્થીઓને કારકીર્દિ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજણ આપી હતી. શ્રી વિકી શાહ કે જેઓ Cyber Expert તરીકે સેવા આપે છે. તેમને પણ ઉચ્ચ અભ્યાસના ફાયદાઓ જણાવ્યા હતા. અમેરિકાથી વેકેશનમાં અત્રે આવેલ પાટણ (સિદ્ધચક્રની પોળ)ના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહના પૌત્ર **શ્રી યશ ચિરાગભાઈ શાહ** કે જેઓ Oracle કંપનીમાં કામ કરી રહેલ છે, તેમને અમેરિકા જનાર વિદ્યાર્થીઓને અમેરિકાના સંઘર્ષમય જીવન અને અનિશ્ચિતતાઓની વાત કરી હતી. ઈન્ટરવ્યુમાં વારંવાર નિષ્ફળ જવાથી જીવનમાં નિરાશ થવાની જરૂર નથી. સફળતા સહેલાઈથી મળતી નથી એ અંગે પણ અમેરિકાના જીવનના વિવિધ પાસાઓની છણાવટ કરી હતી.




સમારંભના અતિથિ વિશેષનું અભિવાદન કરતા સંસ્થાના પ્રમુખશ્રી તથા સમિતિના માનદમંત્રીઓ

સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી દિપકભાઈ શાહે** તેમના વક્તવ્યમાં જણાવેલ કે શ્રી પાટણ જૈન મંડળે છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણ માટે મોટી રકમ ફાળવેલ છે. સમાજનો એકપણ પરિવાર નાણાંના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તે લક્ષ્ય રાખી સમાજના પ્રત્યેક પરિવારમાં ઓછામાં ઓછું એક CA, Engineer,







તેજસ્વી વિદ્યાર્થીઓને સ્મૃતિ ચિન્હ એનાયત કરતા સંસ્થાના મહાનુભવો

Doctor, MBA, હોવા જોઈએ. હવે આપણું ધ્યેય પોસ્ટ ગ્રેજ્યુએટ્સ તૈયાર કરવાનું છે. શિક્ષણ સમિતિના સેક્રેટરીઓ **શ્રી યોગેશભાઈ, શ્રી ધીરેનભાઈ, શ્રી હિતેનભાઈએ** કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી હતી. અંતમાં સમાજના આગેવાનોના હસ્તે સફળ વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સૌનો આભાર માનવામાં આવ્યો હતો. પારિતોષિક મેળવનાર સર્વે વિદ્યાર્થીઓની યાદી પાના નં.૪ થી ૭ ઉપર છે.

❑ **શિક્ષણ સમિતિ**

## પાટણ પ્રતિબિંબની ઉત્તમ કૃતિઓ માટે જાહેર થયેલા પારિતોષિક

શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર ‘‘પાટણ પ્રતિબિંબ’’ના ઓગસ્ટ ૨૦૧૮ થી જુલાઈ ૨૦૧૯ સુધીના આ અંકોમાં પ્રગટ થયેલ લેખો માથી શ્રેષ્ઠ લેખોનો નિર્ણય નીચે મુજબ લેવામાં આવ્યો છે, જેને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાળા) ‘સાહિત્ય પારિતોષિક’** એનાયત કરી અભિવાદન કરેલ છે.

**પ્રથમ** : **‘‘અંતરયાત્રાનો અનુભવ સત્યનો સાક્ષાત્કાર કરાવે છે.’’**
**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** - વિલેપાર્લા (કનાસાનો પાડો) - ફેબ્રુઆરી - ૨૦૧૯

**દ્વિતિય** : **‘‘કદરદાની’’**
**શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી** - તારદેવ (ચોધરીની શેરી) - એપ્રિલ - ૨૦૧૯

**તૃતિય** : ***“It’s all about Veganism”***
**શ્રી વિરલ નરેન્દ્રભાઈ ઝવેરી** - નેપિયન્સી રોડ (કુંભારીયા પાડો) - માર્ચ - ૨૦૧૯

ઉપર્યુક્ત લેખો મંડળની વેબસાઈટ પર પ્રતિબિંબના ફોલ્ડરમાં વાંચી શકશો. આ નિર્ણય, લેખોમાં રહેલી સર્જકતા, મૌલિકતા નવીનતાને ખાસ લક્ષમાં રાખી લેવામાં આવેલ છે. નિર્ણાયક તરીકેની સેવા આપવા બદલ **શ્રીમતી ગ્રિષ્મા રેલિયા-ઠક્કરના** અમો આભારી છીએ.

પારિતોષિક વિજેતા, લેખક, ભાઈ-બહેનોને મંડળ દ્વારા હાર્દિક અભિનંદન અને તેમની કલમનો સમાજને વિશેષ ઉદ્યોત થતો રહે એ જ અભ્યર્થના.

❑ **સંપાદક સમિતિ**



પ્રતિબિંબના પારિતોષિક વિજેતાઓના નામોની જાહેરાત કરતા તંત્રીશ્રી તથા પારિતોષિક પ્રાપ્ત કરતા શ્રી સુરેશભાઈ અને શ્રી વિરલભાઈ

SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST
POST GRADUATE MERIT SCHOLARSHIP (Rs.10,000/-)

Darpan Ajitkumar Shah — Shirpur — Maniyati Pado

Last Exam : ***B. Pharmacy*** — Current Study : **M. Pharmacy - R.C. Patel Instu., Shirpur**

# EDUCATIONAL PRIZE

| Sr No. | Name | Std. | Marks | Resident | Mahollo |
|---|---|---|---|---|---|
| | S.S.C. / I.C.S.E. / C.B.S.E. / IGCSE / Std. 10TH | | | | |
| | Smt. Smitaben Vikrambhai Dawavala Marriage Prize | | | | |
| | Shri Harshit Bharatkumar Shah Science Prize | | | | |
| 1 | **Megh Vinaybhai Shah** | **ICSE** | **99.4** | **Andheri** | **Vakhatji Ni Sheri** |
| | 1st Highest in Std. 10th | | | | |
| | Highest Marks in Science (100/100) | | | | |
| | Shri Mohanlal Sakarchand Prize | | | | |
| 2 | **Harsh Saurabh Sanghvi** | **ICSE** | **97.8** | **Napeansea Rd.** | **Panchotino Pado** |
| | 2nd Highest Marks in Std. 10th | | | | |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| | Shri Harshit Bharatkumar Shah English Prize | | | | |
| | Shri Halabhai Maganlal Girls Student Prize | | | | |
| | Highest Marks in English (96/100) | | | | |
| 3 | **Kankshi Nikhil Banker** | **ICSE** | **97.6** | **Marine Drive** | **Mar. no Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| | Shri Harshad Bharatkumar Shah English Prize | | | | |
| | Highest Marks in English - (96/100) | | | | |
| 4 | **Nishtha Chintan Maniar** | **ICSE** | **97** | **Juhu** | **Chaudharini Sheri** |
| | Shri Mrudulaben Navinchandra Dawavala Maths Prize | | | | |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| | Highest Marks in Maths (100/100) | | | | |
| 5 | **Jimit Nilesh Shah** | **IGCSE** | **95.8** | **Goregaon** | **Tamboli Wado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 6 | **Saachi Piyush Shah** | **ICSE** | **96.2** | **Kandivali** | **Tamboli Wado** |
| 7 | **Akshat Krushi Maniar** | **ICSE** | **97.2** | **Santacruz** | **Choudharyni Sheri** |
| 8 | **Parthvi Piyush Shah** | **ICSE** | **96.8** | **Borivali** | **Manmohanjini Sheri** |
| 9 | **Darshit Hemang Shah** | **ICSE** | **96.6** | **Tardeo** | **Vasupujyani Sheri** |
| 10 | **Vidisha Ashish Shah** | **ICSE** | **96** | **Andheri** | **Vakhatji ni Sheri** |
| 11 | **Rushabh Kerul Javeri** | **ICSE** | **95.4** | **Ghatkopar** | **Keshusethno Pado** |
| 12 | **Viraj Biren Shah** | **IGCSE** | **95.2** | **Vile Parle** | **Kanasano Pado** |
| 13 | **Rushabh Mayank Jain** | **ICSE** | **95** | **Kandivali** | **Maniyati Pado** |
| 14 | **Jay Jayesh Shah** | **ICSE** | **95.8** | **Borivali** | **Kokano Pado** |
| 15 | **Prisha Malkesh Shah** | **ICSE** | **94.2** | **Malad** | **Mallat no Pado** |
| 16 | **Tanay Gautam Patwa** | **ICSE** | **94** | **Dadar** | **Lakhiyar Wado** |
| 17 | **Shriya Sonir Shah** | **CBSE** | **94** | **Borivali** | **Keshusethno Pado** |
| 18 | **Prachi Parag Shah** | **CBSE** | **93.8** | **Mulund** | **Kasumbia Wado** |
| 19 | **Femina Vipul Shah (Nagarseth)** | **ICSE** | **92.4** | **Marine Drive** | **Maniyati Pado** |
| 20 | **Bhavya Shetal Shah** | **IGCSE** | **92** | **Vile Parle** | **Maniyati Pado** |
| 21 | **Labdhi Ashish Shah** | **IGCSE** | **91.4** | **Borivali** | **Kasumbia Wado** |
| 22 | **Shanaya Tejas Shah** | **SSC** | **91** | **Marine Drive** | **Vakhatji Ni Sheri** |
| 23 | **Kalp Mitesh Shah** | **ICSE** | **90.6** | **Kandivali** | **Khetarvasi** |
| 24 | **Jay Jignesh Shah** | **ICSE** | **90.6** | **Santacruz** | **Vakhatji ni Sheri** |
| 25 | **Shrushti Vipul Jain** | **SSC** | **90.6** | **Baroda** | **Maniyati Pado** |
| 26 | **Isha Vipul Jain** | **SSC** | **88.4** | **Shirpur** | **Maniyati Pado** |
| 27 | **Kalp Yatin Shah** | **SSC** | **87** | **Mulund** | **Dhandher Wado** |

| Sr No. | Name | Std. | Marks | Resident | Mahollo |
|---|---|---|---|---|---|
| **28** | **Vidhi Mitesh Shah** | **SSC** | **85.4** | **Tardeo** | **Kanasano Pado** |
| **29** | **Aryan Pamit Shah** | **SSC** | **83.8** | **Andheri** | **Kanasano Pado** |
| **30** | **Purvi Deven Shah** | **SSC** | **83.6** | **Shirpur** | **Maniyati Pado** |
| | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | | | | |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| | Highest Marks in Gujarati (99/100) | | | | |
| **31** | **Bhavya Mohit Shah** | **ICSE** | **89.6** | **Andheri** | **Sanghvino Pado** |
| HSC Commerce | | | | | |
| | Shri Yashwadan Jesinglal Choksy First Prize | | | | |
| | Kum. Khushboo Kartik Navinchandra Shah Accounts Prize (Book Keeping) | | | | |
| | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | | | | |
| **32** | **Manav Pritesh Shah** | **HSC** | **93.38** | **Marine Drive** | **Mar. no Pado** |
| | Highest Marks in Accounts (Book Keeping 99/100) | | | | |
| | Highest Marks in Maths (99/100) | | | | |
| | Shri Yashwadan Jesinglal Choksy Prize | | | | |
| **33** | **Rohak Shrenik Shah** | **HSC** | **93.23** | **Vile Parle** | **Khetarvasi** |
| | 2nd Highest Marks | | | | |
| | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | | | | |
| | Highest Marks in Maths (99/100) | | | | |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **34** | **Dhruv Shreyas Shah** | **HSC** | **90** | **Vile Parle** | **Tamboli Wado** |
| **35** | **Parth Nainesh Shah** | **HSC** | **93.08** | **Napeansea Rd.** | **Khetarvasi** |
| **36** | **Kinjal Shailen Shah** | **HSC** | **92** | **Byculla** | **Dhandher Wado** |
| **37** | **Niyomi Nimesh Shah** | **HSC** | **90.31** | **Tardeo** | **Kanasano Pado** |
| **38** | **Nupur Shailesh Shah** | **HSC** | **88.31** | **Pune** | **Shantinathi Pole** |
| **39** | **Zil Nimesh Shah** | **HSC** | **85.85** | **Dahisar** | **Kasumbia Wado** |
| **40** | **Dhwani Asit Shah** | **HSC** | **85** | **Marine Drive** | **Vakhatjini Sheri** |
| **41** | **Charmi Tejas Shah** | **HSC** | **84** | **Kandivali** | **Polni Sheri** |
| **42** | **Kushal Bhavin Shah** | **HSC** | **77.69** | **Andheri** | **Mar. no Pado** |
| **43** | **Rajvi Amit Shah** | **HSC** | **71.85** | **Marine Drive** | **Mar. no Pado** |


ડિસેમ્બર - ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | |
|---|---|
| Resource Engimech (I) P.Ltd. (મલ્લાતનો પાડો) (શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ) | ૧૧,૦૦,૦૦૦ |
| શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા ચેરીટેબલ ટ્રસ્ટ | ૫,૦૦,૦૦૦ |
| શ્રી લબ્ધી નિધાન જૈન શ્વે. મું સંઘ (બોપલ- અમદાવાદ) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી જિજ્ઞેશભાઈ પ્રમોદભાઈ શાહ, (પાર્લા) | ૫૬,૦૦૦ |
| શ્રી નિરવભાઈ પી. શાહ, (ગોરેગામ) | ૫૫,૦૦૦ |
| શ્રી કીરીટભાઈ રસિકલાલ શાહ, (ઝવેરીવાડો) | ૫૧,૦૦૩ |
| શ્રીમતી કાશ્મીરાબેન ભુપેન્દ્રભાઈ શાહ (ખેતરવસી, અમદાવાદ) (શ્રી ભુપેન્દ્રભાઈ સેવંતીલાલ શાહના આત્મશ્રેયાર્થે) | ૫૧,૦૦૦ |
| શ્રી જયંતિલાલ મોહનલાલ દવે ના સ્મરણાર્થે સાલવી વાડો, (પાટણ) | ૫૧.૦૦૦ |
| શ્રી મહેશભાઈ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી સતિષભાઈ ઝરીવાલા, (મુંબઈ) હ. શ્રી વિપુલભાઈ, (પાટણ) | ૩૦,૦૦૦ |
| શ્રી ચારૂપ મહાતીર્થ (ચારૂપ-પાટણ) | ૨૫,૦૦૦ |
| શ્રી સુધીરભાઈ રમણલાલ શાહ (લખીયારવાડો) | ૨૧,૦૦૦ |
| જે.કે. ફાઉન્ડેશન (શ્રી જે.કે. શાહના જન્મદિવસ નિમિત્તે) | ૨૧,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્રભાઈ ચંપકલાલ શાહ, (કેમ્પસકોર્નર) | ૨૧,૦૦૦ |
| શ્રી જશવંતલાલ ચીમનલાલ સાંડેસરા, (દાદર) | ૨૦,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (ભારતી સોસાયટી, પાટણ) | ૨૦,૦૦૦ |
| શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ | ૧૫,૦૦૦ |
| શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી | ૧૧,૦૦૦ |
| શ્રી ધીરેનભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી મુકુલભાઈ બી. ઝવેરી | ૧૧,૦૦૦ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી અમીતભાઈ સી. શાહ | ૧૧,૦૦૦ |
| સ્વસ્તિક ગૃપ પાટણવાલા, (અંધેરી-ઈસ્ટ) | ૧૧,૦૦૦ |
| શ્રી આદેશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગામ-વેસ્ટ) | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી જયંતિલાલ કેશવલાલ શાહ, (પાટણ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

| Sr No. | Name | Std. | Marks | Resident | Mahollo |
|---|---|---|---|---|---|
| B.Com | | | | | |
| | Shri Bapuben Keshavlal Hemchand Teliawalal B.Com Prize<br>Smt. Bhagwatiben Mafatlal Babubhai<br>Shri Laxmichand Shah B.Com Account Prize<br>Account Subject - A Grade | | | | |
| **44** | **Vrushabh Hemant Shah** | **B.Com** | **76** | **Marine Drive** | **Vakhatjini Sheri** |
| | Shri Patan Jain Mandal Merit Prize<br>Smt. Bhagwatiben Mafatlal Babubhai<br>Shri Laxmichand Shah B.Com Account Prize<br>Account Subject - A Grade | | | | |
| **45** | **Nischal Akshay Shah** | **B.Com** | **56.41** | **Vile Parle** | **Kapoormehtano Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **46** | **Sonia Kaushik Shah** | **Ph. D** | | **Chowpatty** | **Dhandher Wado** |
| HSC Science | | | | | |
| | Shri Sevantilal Kantilal Trust Prize<br>Shri Mrudulaben Navinchandra Dawavala Maths Prize<br>Highest Marks in Std. 12 Science<br>Highest Marks in Maths 78/100 | | | | |
| **47** | **Nayni Nimesh Shah** | **HSC** | **81.23** | **Tardeo** | **Kanasano Pado** |
| | Shri Nipun Kapurchand Sonawalal Prize<br>2nd Highest Marks in Std. 12 Science<br>Shri Pravinchandra Chimanlal Kilachand Science Prize<br>Highest Marks in Science Subjects 66% | | | | |
| **48** | **Naman Ashish Shah** | **HSC** | **78.46** | **Santacruz** | **Vakhatjini Sheri** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **49** | **Dharmik Arvindbhai Salvi** | **CFA** | | **Ahmedabad** | **Salvi Wado** |
| **50** | **Darshin Jatin Shah** | **CFA** | | **Andheri** | **Vakhatjini Sheri** |
| **51** | **Chandni Devesh Shah** | **CFA** | | **Chowpatty** | **Vakhatjini Sheri** |
| | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah - Bhupendra & Parendra C.A Prize | | | | |
| **52** | **Allan Niketukumar Zaveri** | **C.A** | **60** | **Patan** | **Zaveri Wado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **53** | **Nishi Vipul Shah** | **C.A** | **52** | **Marine Lines** | **Dhandher Wado** |
| **54** | **Jainy Samir Shah** | **C.A** | **52** | **Goregaon** | **Dhandher Wado** |
| | Shri Vijay Jayantilal Patni Medical Prize | | | | |
| **55** | **Pooja Jitendra Shah** | **BPT** | **78.71** | **Dahisar** | **Chitarani Khadki (Ghiyano Pado)** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **56** | **Tanvi Samir Shah** | **BPT** | **62.75** | **Goregaon** | **Dhandher Wado** |
| | Shri Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | | | | |
| **57** | **Dr. Hetankshi Akshay Shah** | **BDS** | **62.75** | **Mulund** | **Shantinathni Pol** |
| | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | | | | |
| **58** | **Saloni Bhavesh Shah** | **BDS** | **60.81** | **Haji Ali** | **Mahalaxmimatano Pado** |
| | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | | | | |
| **59** | **Deep Vikram Shah** | **MBA** | **3.3** | **Belgium** | **Polni Sheri** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| **60** | **Labdhi Pradip Jain** | **Diploma In Computerized Industrial Accounting** | **0.82** | **Shirpur** | **Maniyati Pado** |
| **61** | **Pritesh Pradip Jain** | **Diploma In Computerized Industrial Accounting** | **0.81** | **Shirpur** | **Maniyati Pado** |
| | Shri Babubhai Nanalal Shah Electronics Prize | | | | |
| **62** | **Hemang Hitesh Shah** | **B.E Electrical Engineering** | **4.52** | **Chennai** | **Khetarvasi** |

| Sr No. | Name | Std. | Marks | Resident | Mahollo |
|---|---|---|---|---|---|
| | Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize | | | | |
| 63 | **Parakh Rakesh Shah** | **B.E Computer Engineering** | **8.75** | **Matunga** | **Kasumbia Wado** |
| | Smt. Chanchalben Maneklal Bhikhachand Prize | | | | |
| 64 | **Bhavit Yogesh Shah** | **B.E Computer Engineering** | **7.22** | **Kalbadevi - Thakurdwaar** | **Kumbharia Pado** |
| | Shri Bhikhachand Godadchand Public Charitable Trust - Technical Prize | | | | |
| 65 | **Dhriti Anil Shah** | **B.Tech** | **8.94** | **Andheri** | **Keshusethno Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 66 | **Neel Pankaj Shah** | **Post Graduate Dip. in Mngt - Marketing Mngt** | **77** | **Tardeo** | **Kumbharia Pado** |
| | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | | | | |
| 67 | **Ashita Neel Shah** | **Post Graduate Dip. in Mngt - HRM** | **72** | **Tardeo** | **Kumbharia Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 68 | **Palasha Ketan Shah** | **Post Graduate Dip. in Mngt. - Biotechnology** | **72** | **Pune** | **Kasumbia Wado** |
| | Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize | | | | |
| 69 | **Deeshen Jatin Shah** | **B.Tech Mech & Automation** | **8.88** | **Marine Drive** | **Kumbharia Pado** |
| | Shri Ashrumatiben Kantilal Kapadia Prize | | | | |
| 70 | **Fenil Vipul Shah** | **B.Tech Civil Engg** | **8.88** | **Kalbadevi** | **Kumbharia Wado** |
| | Dr. Dhiren Ramanlal Shah Medical Prize | | | | |
| 71 | **Monal Sanjay Shah** | **MD in Anasthesiology** | **72.87** | **Kandivali** | **Kokano Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 72 | **Jash Nilesh Shah** | **M.S Energy Systems** | **3.615** | **Chennai** | **Khetarvasi** |
| | Smt. Renukaben Pravinchandra Kilachand Jhaveri Post Graduate Prize | | | | |
| 73 | **Nishi Harnish Shah** | **Masters in Science-Geology** | **73.5** | **Patan** | **Tamboli Wado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 74 | **Tanisha Shetal Shah** | **Upaniya Visharad - Kathak** | **A++** | **Vile Parle** | **Chaudharini Sheri** |
| 75 | **Darshi Lalit Shah** | **LLB** | **56** | **Marine Drive** | **Tamboli Wado** |
| 76 | **Forum Manish Shah** | **LLB** | **55.13** | **Goregaon** | **Khetarpal no Pado** |
| 77 | **Devanshi Tushar Zaveri** | **Bachelor of Mass Media** | **69.57** | **Vile Parle** | **Kokano Pado** |
| | Shri Gulabchand Manilal Software Technology Prize | | | | |
| 78 | **Aditya Anish Shah** | **M.Sc of Computer Networking** | | **Santacruz** | **Kumbharia Pado** |
| | Dr. Jayantilal Chandulal Shroff - Memorial Prize | | | | |
| 79 | **Darpan Ajitkumar Shah** | **B.Pharm** | **6.98** | **Shirpur** | **Maniyati Pado** |
| | Shri Patan Jain Mandal Merit Prize | | | | |
| 80 | **Shetal Kirit Shah** | **Adv. Diploma In Yoga** | **72** | **Vile Parle** | **Chaudharini Sheri** |
| | Smt. Taraben Manilal Gabhruchand Shah - Dharmik Prize | | | | |
| 81 | **Sakshi Kalpesh Shah** | | **73** | **Borivali** | **Kasumbia Wado** |


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ**

ADVT



# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય અમૃત મહોત્સવ





**જેઓની કૃપાથી થઇ ધરા ધન્ય, ચરણ રજથી કરી ભૂમિ પાવન,**
**એવા દાતાશ્રીને કોટી કોટી વંદન**

## વિદ્યાલયનો સંક્ષિપ્ત ઈતિહાસઃ-

ઈતિહાસનું પાનું ફેરવતા જણાશે કે આજથી ૭૫ વર્ષ પહેલાં ફાટીપાળ દરવાજા બહારનો ભાગ એટલે સ્મશાની ઉપાસકોનું સાધના સ્થળ કહેવાતું, તેજ સ્થળે ઈતિહાસની બદલાતી તવારીખ સાથે **આપણી માતૃ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળે પાટણની જનતાના શૈક્ષણિક વિકાસાર્થે શેઠ શ્રી ભોગીલાલ દોલતચંદના આર્થિક સહયોગથી જંગલમાં મંગલ સ્વરૂપ આ વિદ્યાલયનું નિર્માણ કર્યું.** ૨૧૨ વિદ્યાર્થીઓથી ૬ નાનકડા ઓરડામાં શરૂ કરાયેલ. આ સ્કુલને સરસ્વતી માતાની અસીમ કૃપા પ્રાપ્ત થતાં તે સમયની ગાયકવાડ સરકારે શ્રી પાટણ જૈન મંડળને ૯ એકર જમીન શિક્ષણાર્થે ભેટ આપી, સાથે સાથે આ ભૂમિમાં જ્ઞાન ગંગાનું અવતરણ કરાવવા પાટણના વિદ્યાપ્રેમી શેઠ શ્રી ભોગીલાલ દોલતચંદ પરિવારે રૂા. ૨ લાખની સખાવત કરેલ, જેના પરિણામ સ્વરૂપ સંપૂર્ણ સુવિધા યુક્ત વિદ્યાલય ભવન તૈયાર થયું **આ નૂતન ભવનનું ઉદ્‌ઘાટન દિનાંક ૧૪-૦૪-૧૯૫૧ના રોજ તે સમયના મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના વરદ હસ્તે કરાયું.**

## વિદ્યાલયની જાહોજલાલી અને ગૌરવઃ-

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાજ શિક્ષણના ઉદ્દેશથી થઈ હતી અને તેથીજ આ વિદ્યાલયને સંસ્થાનો અદ્‌ભુત સહકાર સાંપડ્યો. સમયની સાથે સાથે ૮૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી આ સ્કુલ પણ નાની પડવા લાગી. અમદાવાદથી અજમેર સુધીમાં આજ એક એવું વિદ્યાલય હતું જેને પોતાનો સ્નાનાગાર (સ્વીમીંગપુલ), સ્વતંત્ર રંગમંચ, આલીશાન મકાનો, વિશાળ મેદાનો અને આંખ ઠારતા પુષ્પોચ્છાદિત બગીચા અને વિદ્યાર્થીઓને રહેવા માટે છાત્રાલય (હોસ્ટેલ) તેમજ ધર્મ-આરાધના માટે જિનાલય. આવી આગવી વિશેષતાને લિધે સમગ્ર ઉત્તર ગુજરાત, બનાસકાઠાં અને દૂર દૂરથી વિદ્યાર્થીઓ અહીં વિદ્યાભ્યાસ માટે આવવા આકર્ષાતા. **તે સમયની પાટણની જોવા લાયક સ્થળોની સરકારી યાદીમાં આ સ્કુલને પણ સ્થાન અપાયું હતું.**

## ૭૫ વર્ષની સફળ શૈક્ષણિક યાત્રાઃ-

પાટણ નગરીને વિદ્યાનગરી બનાવવાના ઉદ્દેશને મૂર્તિમંત કરવા શ્રી પાટણ જૈન મંડળે શૈક્ષણિક સેવા યજ્ઞનો આરંભ કરેલ આ યજ્ઞને આગળ ધપાવવા છેલ્લા ૭૫ વર્ષ દરમ્યાન શાળાનું સંચાલન કરતાં **માનદ્‌મંત્રીઓશ્રી પોપટલાલ ભોગીલાલ શાહ, શ્રી જયંતિલાલ ફતેહચંદ શાહ, શ્રી વૃજલાલ જેશીંગલાલ શાહ, શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ, શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ, શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા, શ્રી અરવીંદભાઈ જીવાભાઈ, શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ અને વર્તમાનમાં શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ દ્વારા સમયના સથવારે અને માંગ સાથે કદમથી કદમ મિલાવી આ શાળાને સતત અપગ્રેડ કરતા રહ્યા.** સાથે સાથે શૈક્ષણિક ધુરા સંભાળતા આચાર્યશ્રી તથા શિક્ષકગણનો કૌટુંબિક ભાવના ધરાવતો અદ્‌ભુત સહકાર સાંપડ્યો. આ શૈક્ષણિક સેવા યજ્ઞ માટે પાટણના જૈન શ્રેષ્ઠીઓનો અભૂતપૂર્વ આર્થિક સહકાર મળ્યો તેના થકીજ આ વિદ્યાલયને અદ્યતન સુવિધાઓ મળતી રહી અને તેની ભૂતકાળની જાહોજલાલીને બરકરાર રાખવાનું સૌભાગ્ય સંસ્થાને સાંપડતું રહ્યું છે. **૨૧૨ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ સ્કુલમાં આજે ૧૫૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ જીવનનું ઘડતર કરી રહ્યા છે.**

વર્તમાનમાં શ્રી પાટણ જૈન મંડળની કટીબદ્ધતા, આચાર્ય ડૉ. બી.આર. દેસાઈ તથા ગુરુજનોની કાર્યનિષ્ઠા અને વિદ્યાલય સમિતિના ઉમદા સહકાર થકી **પાટણની શ્રેષ્ઠ વિદ્યાલયની હરોળમાં તેની ગણના થઈ રહી છે.** આ શાળાની આવતીકાલ વધુ ઉજ્જવળ બનાવવાની શુભેચ્છાઓ સાથે સૌનો **એકજ સંકલ્પ છે.**

**"સ્વર્ણમયી ઈતિહાસ હમારા હૈ, ફિરસે ઉસને લલકારા હૈ,**
**ગીતાકા જ્ઞાન ભુલા બૈઠે, બાઈબલ કી આન મીટા બૈઠે,**
**નાનક કે શબ્દ બુલાતે હૈ, પૈગમ્બર યાદ દિલાતે હૈ,**
**ગૌતમ ઔર ગાંધી કી ધરતી હૈ, ઈતિહાસ કો હમે લૌટાના હૈ..."**

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ત્રિ-દિવસીય અમૃત મહોત્સવ ઉજવણી



રંગોળી

સને ૨૦૧૯-૨૦નું સમગ્ર વર્ષ **''અમૃત મહોત્સવ ઉજવણી વર્ષ''ના** અંતર્ગત પાટણ તથા મુંબઈ ખાતે ચાર કાર્યક્રમોના સફળ આયોજન બાદ તા. ૧૩-૧૪-૧૫ ડિસેમ્બરના રોજ પાટણ ખાતે ત્રિદિવસીય ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો. અમૃત મહોત્સવ ઉજવણીની પૂર્વ સંધ્યાએ સમગ્ર બી. ડી.એસ. વિદ્યાલય પરિસર અદભુત નયનરમ્ય રંગોળી, સુશોભિત સ્વાગત ગેટ, ઠેરઠેર શાળાની સિદ્ધિઓ દર્શાવતા કટાઉટ્સ અને લાઈટની રોશનીઓથી ઝળહળતું હતું. **સમગ્ર કેમ્પસ રજવાડી ઠાઠ સમુ દિશતું હતું.**



અમૃત મહોત્સવ શુભારંભ કાર્યક્રમ

## રમતોત્સવ દિનાંક ૧૩-૧૨-૨૦૧૯, શુક્રવાર





રમતોત્સવમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ અને સંચાલકો

સવારે ૮.૩૦ કલાકે ઉપસ્થિત મહેમાનો તથા વિદ્યાર્થીઓ સહીત ૫૦૦ વ્યક્તિની ઉપસ્થિતિમાં મુખ્ય મહેમાન નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ શાહ તેમજ સર્વે હોદ્દેદારો દ્વારા **ઉદ્‌ઘાટન પ્રસંગે શાંતિદૂત કબુતર ઉડાવાયા હતા. તેમજ અમૃત મહોત્સવના પ્રતિકવાળા ફુગ્ગાઓને આકાશમાં ઉડાડ્યા હતા. રાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટના પ્રારંભ જેવો ઉદ્‌ઘાટન સમારોહ જોઈ સૌ કોઈ પ્રભાવીત થયા હતા.** ઉદ્‌ઘાટન વિધિ બાદ સ્પોર્ટ્સમાં ભાગ લઈ રહેલા લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ મહેમાનોને પરેડ દ્વારા સલામી આપી હતી. પરેડ બાદ રમત સ્પર્ધાઓનો પ્રારંભ થયો હતો.

વિવિધ ૮ ગેમ અલગ અલગ જગ્યાએ ચાલુ કરાઈ હતી. ઉપસ્થિત પ્રેક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા વિવિધ પ્રયાસોથી સમગ્ર વાતાવરણ સ્પર્ધાત્મક બની ગયું હતું. **આ રમતોમાં વિદ્યાલયના હોદ્દેદારો તેમજ પ્રમુખશ્રીએ ૨૦૦ મીટર દોડ તથા દડા ફેંક જેવી રમતોમાં ભાગ લીધો હતો.**













ભૂતપૂર્વ શિક્ષક સન્માન સમારોહ અવસરે પધારેલ ૯૦ વર્ષના વયસ્ક શ્રી ગોડબોલે સાહેબનું સન્માન કરતા શિક્ષણ અધિકારી શ્રી ઝાલાસાહેબ



માધ્યમિક શાળાના આચાર્ય ડૉ. બી.આર. દેસાઈનુંસન્માન

## રમતોત્સવ ઈનામ વિતરણ સમારોહઃ-

બપોરે ૧૨.૦૦ કલાકે સમગ્ર વર્ષ દરમ્યાન શિક્ષણ તથા અન્ય ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરાયા હતા. તેમજ આજના સ્પોર્ટ્સ ઈવેન્ટના વિજેતાઓને ઈનામ અપાયા હતા. આ પ્રસંગે સુરતથી પધારેલા અતિથિ વિશેષ ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી જીતુભાઈ શાહનું શાલ તેમજ મોમેન્ટો અર્પણ** કરી અભિવાદન કરાયું હતું.

## ગુરુજન બહુમાન સમારોહઃ-

સાંજે ૪ કલાકે ૭૫ વર્ષ દરમ્યાનમાં વિશિષ્ટ સેવાઓ અર્પનાર ભૂતપૂર્વ આચાર્યગણ તથા શિક્ષકગણનું બહુમાન કરાયું હતું. **લગભગ ૨૧ શિક્ષકગણનું આ પ્રસંગે બહુમાન કરાયું હતું. વિશિષ્ટ રૂપે ૯૦ વર્ષની વયના શ્રી ગોડબોલે સાહેબ પધારતા તેઓનું બહુમાન થતાં ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના ગુરુજનને પ્રાપ્ત થતો આદર નિહાળી ભાવવિભોર થઈ ગયા હતા.**

સાથે સાથે વર્તમાન સર્વે શિક્ષકગણનું **રજત સ્મૃતિચંદ્રક અર્પણ કરી અભિવાદન** કરાયું હતું. આ બહુમાન ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિયેશનના ઉપક્રમે થયેલ જેના લાભાર્થી **ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પૃથ્વીરાજભાઈ સી. શાહ હતા.**

જુના સંસ્મરણો યાદ કરતા કરતા આ અવસરે ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણનું સ્નેહમિલન ભાવવિભોર થયેલ સૌ માટે અવિસ્મરણિય અને અભૂતપૂર્વ રહ્યું. બહુમાન કાર્યક્રમની સમાપ્તિ બાદ સાંજે સૌ માટે સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા કરાઈ હતી.



ભૂતપૂર્વ આચાર્યશ્રી ચીનુભાઈસાહેબનું સન્માન



ઉપસ્થિત શિક્ષકગણ તથા જનસમુદાય



પ્રાથમિક - માધ્યમિક શાળાના સ્ટાફ મિત્રો તથા વિદ્યાલય સમિતિ



શોભાયાત્રામાં ઉપસ્થિત મંડળના તથા વિદ્યાલયના હોદ્દેદારો, આમંત્રિત મહેમાનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

## દિનાંક ૧૪-૧૨-૨૦૧૯, શનિવાર

### અમૃત મહોત્સવ શોભાયાત્રા :-

સવારે ૮.૩૦ કલાકે પ્રારંભ થનાર શોભાયાત્રાની તૈયારી રૂપે સવારથી જ બગવાડા દરવાજા પાસે જીપ, ઘોડા, બગી, બેન્ડવાજા તેમજ સાજન-માજન અને વેશભૂષામાં ફરતા જોકરો વિગેરેની હલચલથી **એક અદભુત શોભાયાત્રા નીકળવાના સંકેતો મળી રહ્યા** હતા. બરોબર ૮.૪૦ કલાકે **પ્રમુખશ્રી દિનેશભાઈ, પાટણના મેયર શ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ શોભાયાત્રાના સ્પોન્સર્સ શ્રી મીતીનભાઈ પટેલ દ્વારા આ શોભાયાત્રાને લીલી ઝંડી અપાઈ હતી.**

આ શોભાયાત્રામાં સ્કુલનું આબેહુબ મોડલ સૌ પ્રથમ ઊંટગાડીમાં રાખવામાં આવ્યું હતું. વિદ્યાલયને વિવિધ કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ અપાવનાર ચાર વિદ્યાર્થીઓને ૪ શણગારેલા ઘોડા ઊપર સવાર કરાયા હતા. માથે બેડા લઈ લગભગ ૭૦ જેટલી બાળાઓ ચણિયાચોળી ડ્રેસમાં સ્વાગતમ્‌ના રૂપમાં ચાલતી હતી. શોભામાં અભિવૃદ્ધિ કરતી શણગારેલી ૪ ઊંટ ગાડીઓ જેમાં સ્કુલની બાળાઓ, **''દિશા'' દિવ્યાંગ બાળકોના બેન્ડ સહીત** અન્ય રચનાઓ કરાઈ હતી. ૩ રથાકાર જીપમાં **પાટણના નગરશેઠ પરિવારના વિપુલભાઈ શાહ** તથા શાળાના દાતા પરિવાર બિરાજમાન હતા. ઉપરાંત નાસિક બેન્ડ, ડાન્સ મંડળીઓ, ડી.જે. સાઉન્ડ તથા બેન્ડના સથવારે અલગ અલગ ચાર ગ્રુપમાં વિદ્યાર્થીઓ તથા પધારેલ મહેમાનો સંગીતના તાલે ગરબા-ડાન્સ સાથે ઝુમી રહ્યા હતા. વિદ્યાર્થીઓની NCC કેડેટ ટીમ, લેડીઝ લેઝીમ ડાન્સ ટીમ, તલવારબાજી કરતી બાળાઓ વગેરે પણ પોતાની કલાનું પ્રદર્શન તેમજ ૮ જેટલા જોકરો પ્રેક્ષકોનું મનોરંજન કરતા હતા.

**૧ કિલોમીટર લાંબી અઢી કલાક ચાલેલી આ શોભાયાત્રા શહેરના રાજ માર્ગ પર ફરી વિદ્યાલય પરિસરમાં પ્રવેશી હતી. આ શોભાયાત્રામાં લગભગ ૧૫૦૦થી વધુ વિદ્યાર્થી, શિક્ષકો અને મહેમાનો જોડાયા હતા.** શોભાયાત્રાને અંતે વિદ્યાર્થીઓએ રાજમાર્ગને સ્વચ્છ કરી સમગ્ર **નગરજનોને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.**

અનુસંધાન પાના નં. ૧૬











# પાટણ નગરે સંસ્થાની



શતાબ્દી ઉજવણી અવસરે ઉપસ્થિત સંસ

શ્રી પાટણ જૈન મંડળ સંસ્થા તેની સેવા કારકીર્દિના ૧૦૭માં વર્ષમાં પ્રવેશ કરી ચુકી છે. જૈન સામાજિક સંસ્થાઓના ઈતિહાસમાં આવી સિદ્ધિ ખુબજ જુજ સંસ્થાઓએ મેળવી છે.

આવી મહાન સિદ્ધિઓને બિરદાવવા સમગ્ર સમાજ અને સંસ્થા ૨૦૧૯-૨૦નું વર્ષ શતાબ્દી ઉજવણી વર્ષના રૂપમાં ઉજવી રહ્યું છે. આ ઉજવણી વર્ષના ઉપક્રમે અનેક કાર્યક્રમોનું આયોજન સમગ્ર વર્ષ દરમ્યાન થયું છે. **વિશેષરૂપે મુંબઈમાં NSCI Dome, વર્લી ખાતે શતાબ્દી ઉજવણી અવસરે સમાજના ૫૦૦૦ પટણીઓ સહભાગી થયા હતા.**

માતૃ સંસ્થાની સ્થાપના સને ૧૯૧૨માં થઈ હતી, વર્તમાનમાં પણ આ સંસ્થા દ્વારા પાટણમાં અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને તેથીજ ઉજવણી વર્ષના અંતિમ ચરણમાં શતાબ્દી ઉજવણીનો એક કાર્યક્રમ પાટણ ખાતે દિનાંક ૧૫-૧૨-૨૦૧૯ના રોજ હેમચંદ્રાચાર્ય ઉ. ગુજરાત યુનિવર્સીટીના કન્વેન્શન હોલમાં આયોજીત કરાયો હતો. આપણા વડવાઓના વારસાગત અનેક પટણી કુટુંબો પાટણ ખાતે સ્થાઈ છે. આ સર્વે પરિવારોને આ પ્રસંગે નિમંત્રિત કરાયા હતાં. આ ઉપરાંત છેલ્લા ૧૦૦ વર્ષ દરમ્યાનનાં સંસ્થા સાથે સંલગ્ન એવી અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વેપારી એજન્સીઓ, સરકારી અમલદારો, પાટણ શહેરના વિવિધ રાષ્ટ્રીય પક્ષના હોદ્દેદારો, ઉપરાંત પાટણના પ્રતિષ્ઠિત નગરજનો તથા મુંબઈથી પધારેલ મહેમાનો સહીત લગભગ ૬૦૦ થી પણ વધુની ઉપસ્થિતિમાં આ ભવ્ય ઉજવણી થઈ હતી.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શતાબ્દી નિમિત્તે કનાસાના પાડાના **શ્રી ભાવેશભાઈ દ્વારા રચાયેલ પાટણની ગૌરવગાથા ગીતને સ્ક્રીન ઉપર દર્શાવવામાં** આવેલ.

આ ઉજવણી અંતર્ગત ડિસન્ટ ઓરકેસ્ટ્રા દ્વારા એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામ રજુ કરાયો હતો. પાટણ તેમજ અમદાવાદથી આવેલા કલાકારો દ્વારા જુના - નવા ગુજરાતી તથા હિન્દી ફિલ્મી ગીતો રજુ કરાયા હતા જેને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યા હતા. ૩ કલાકના આ મનોરંજન કાર્યક્રમમાં વિવિધતાં લાવવા બી. ડી.એસ.વી. સ્કુલની બાળાઓ દ્વારા ભાતીગળ ગરબો તેમજ બરોડાથી ખાસ બોલાવેલ કલાકાર દ્વારા રજુ કરાયેલ કલ્ચરલ રાજસ્થાની ડાન્સને નિહાળી સમગ્ર જનસમુહ મંત્રમુગ્ધ બની ગયો હતો.

માથે સળગતા તાંબાના બેડા સાથે ડાન્સ કરી આ બેડામાં લાઈવ ચા



પાટણ ખાતે સંસ્થાની શતાબ્દી ઉજવણી નિમિત્તે પ્રસ્તુત થયેલ રંગારંગ કાર્યક્રમ

# ભવ્ય શતાબ્દી ઉજવણી



સ્થાના હોદ્દેદારો તથા માનવંતા મહેમાનો

બનાવી આગળ બેઠેલા મહાનુભાવોને ચા પીરસાતાં લોકોએ તાળીઓના વધામણા આપ્યા હતા. આ ઉપરાંત આ પ્રોગ્રામ માટે ખાસ અમદાવાદથી પધારેલ કલાકાર દ્વારા મીમીક્રી રજુ કરી મનોરંજન કરાવ્યું હતું.

**આ કાર્યક્રમ સાથે ''સોનામાં સુગંધ સમાન'' સમાજને સંનિષ્ઠ સેવા આપનાર સેવાભાવીઓનો બહુમાન સમારંભ યોજાયો હતો.** પાટણ ખાતે આપણી અનેક જૈન સંસ્થાઓ દ્વારા ચાલતી સેવા પ્રવૃત્તિઓમાં સરાહનીય સેવાઓ આપવા બદલ **ડૉ.રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ, શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ, પંડિત શ્રી ચંદ્રકાંતભાઈ સરૂપચંદ સંઘવી, શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ તથા શ્રી યતીનભાઈ વૃજલાલ શાહ, શ્રી હરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ, શ્રી ધીરજલાલ પુનમચંદ શાહ** તથા આજના અવસરે ઉપસ્થિત અતિથિ વિશેષ મહાનુભાવોનું સંસ્થાના વિવિધ હોદ્દેદારો દ્વારા મોમેન્ટો અર્પણ કરી તેમજ સાલ ઓઢાડી બહુમાન કરાયું હતું. સન્માનીત થનાર મહાનુભાવો તથા પ્રેક્ષકો આ સન્માન નિહાળી ભાવુક બન્યા હતા અને તેઓશ્રીના સત્કાર્યો પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યો હતો.

આજના આ પ્રસંગે **ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, કોર્પોરેટર શ્રી મનોજભાઈ પટેલ, કલેક્ટર શ્રી આનંદ પટેલ તથા ડીડીઓ શ્રી ડી.કે. પરીખ અતિથિ વિશેષ રહ્યા હતા.** તેઓશ્રીના શુભ હસ્તે ઉપરોક્ત મહાનુભાવોનું સન્માન કરાયું હતું. પ્રાસંગિક વક્તવ્યમાં ડીડીઓ શ્રી પરિખ સાહેબે પાટણ શહેરમાં ૧૦૦ વર્ષથી સેવાઓ આપતી આ સંસ્થાને ભરપેટ બિરદાવતા ઉપસ્થિત જન-સમુહ ભાવવિભોર બની ગયા હતા. આ ઉપરાંત જૈન સમાજ દ્વારા ભારતભરમાં ચાલતી સેવા પ્રવૃત્તિઓને યાદ કરી જૈનોનું દેશની પ્રગતિમાં યોગદાન સરાહનીય છે તેમ જણાવ્યું હતું. સંસ્થાના **ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહે** સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓનો ચીતાર તેમજ બદલાતા સમયની સાથે સમાજના વિકાસ માટેની આગામી યોજનાઓને રજુ કરતા સૌ પટણી પરિવારોએ ખુશી અનુભવી હતી. કાર્યક્રમ દરમ્યાન **ઉપપ્રમુખ ડૉ. યશવંતભાઈ ઝવેરીએ** આ સમગ્ર કાર્યક્રમ તેમજ આયોજનને ડિઝાઈન કરી સફળતા અપાવનાર સંસ્થાના **એડમિનિસ્ટ્રેશન એડવાઈઝર શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહની** કાર્યશૈલીને બિરદાવી તેઓનું મૌખિક અભિવાદન કરતા ઉપસ્થિત સૌ કોઈ તાળીઓ દ્વારા અભિવાદનમાં સહભાગી બન્યા હતા. ત્યારબાદ આજના પ્રસંગે યોજાયેલ લક્કી ડ્રોના વિજેતાઓને પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.



આ ઉજવણીમાં મંડળના હોદ્દેદારો **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરી, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહ, શ્રી પંકજભાઈ પનાલાલ શાહ, સિનિ. એડવાઈઝર શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, માનદમંત્રી શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ પ્રોગ્રામ સમિતિ એડવાઈઝર શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, પ્રવૃત્તિઓના મંત્રીશ્રી વિપુલભાઈ નગરશેઠ, મેનેજીંગ કમિટિના સભ્ય શ્રી જીગરભાઈ શાહ, શ્રી પ્રવિણભાઈ મફતલાલ શાહ, શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ, શ્રી પ્રવિણભાઈ નવીનચંદ્ર શાહ, શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ અને શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહ ઉપરાંત મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા સહીત** અનેક પટણી શ્રેષ્ઠીઓ મુંબઈથી આ ઉજવણી માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ કલાક પિરસાયેલા ભરપુર મનોરંજન બાદ સમગ્ર આમંત્રિતો માટે ભોજનનો રસ થાળ પિરસાયો હતો જેનો આનંદ માણતા સૌ કોઈ એક બીજા સાથે સ્નેહમિલન પણ કર્યું હતું. સમગ્ર ઉજવણીના મીઠા સંસ્મરણોને સાથે લઈ સૌ છૂટા પડ્યા હતા.

ઉજવણીના આ સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી એવા એડમિનિસ્ટ્રેશન મંત્રી શ્રી અશ્વીનભાઈ પી. શાહ, મેનેજીંગ કમિટિ સભ્ય શ્રી જીગરભાઈ જી. શાહ, સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોષી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા, શ્રી પિયુષભાઈ તેમજ સંસ્થાના પાટણ ખાતેના સ્થાનિક સંચાલક શ્રી ધીરૂભાઈ પી. શાહ અતિથિગૃહના સ્ટાફ મિત્રો, આચાર્ય ડૉ. બી.આર. દેસાઈ તથા સમગ્ર ટીચર્સ સ્ટાફ અને ઈવેન્ટ ગ્રુપ ડિસન્ટ ઓરકેસ્ટ્રા, કેટરર શ્રી ધવલ દિપકભાઈ શાહ તથા એસ. કે. મેમોરિયલ હોલ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

# સંસ્થાની શતાબ્દી ઉજવણી પ્રસંગે પાટણમાં અભિવાદિત થયેલ મહાનુભવો



## ડો. રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ (વખતજીની શેરી)

પાટણ ખાતે વસતા અને તબીબી વ્યવસાય કરતાં ડો. રાજેન્દ્રભાઈ શ્રી પાટણ જૈન મંડળ સાથે વર્ષોથી સંકળાઈ આજે ૭૭ વર્ષની વયે પણ સ્થાનિક કક્ષાએ સેવાઓ આપી રહેલ છે. અતિથિગૃહ તથા વિદ્યાલય પ્રવૃત્તિના સંચાલનમાં સમય અને શકિતનું યોગદાન આપી, તેમજ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે સેવાભાવે સંનિષ્ઠપણે વર્ષોથી પ્રવૃત્તિશીલ છે. તબીબ તરીકે ૫૨ વર્ષથી પ્રેક્ટીસ કરી રહ્યા છે અને પાટણના ખ્યાતિ પ્રાપ્ત ડૉક્ટર છે. જોગીવાડા શામળાજી ટ્રસ્ટના સ્થાનિક કમિટિના ભૂતપૂર્વ અધ્યક્ષ હતા. પાટણમાં યોજાતા મેડિકલ કેમ્પોમાં તેમજ પૂજ્ય સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચમાં તબીબી સેવા આપે છે.

## શ્રી યતિનભાઈ વૃજલાલ શાહ



શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર ભારતના જૈન જ્ઞાન ભંડારોમાં અવ્વલ સ્થાન ધરાવે છે, તેની હસ્તપ્રતો વર્ષોથી સાચવણી અને જાળવણીમાં સંનિષ્ઠ પણે અનન્ય યોગદાન આપી જિનશાસન પ્રભાવના કરી રહેલ છે.

ઉ. ગુજરાત યુનિવર્સીટીમાં દર વર્ષે ઉજવાતા **કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સમારોહના તેઓશ્રી પ્રણેતા રહ્યા છે.** શેઠાણી હીરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા હેમચંદ્રાચાર્ય જૈન પુસ્તકાલય તથા જૈન પાઠશાળાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે તેમજ જોગીવાડા શામળા પાર્શ્વનાથ દેરાસરમાં સ્થાનિક મંત્રી તરીકે માનદ્‌સેવા આપી રહ્યા છે. **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીમાં જૈનોલોજી વિભાગ શરૂ કરાવવામાં તેઓશ્રી અગ્રેસર હતા.**



## શ્રી હરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (તંબોલી વાડો)

જૈન શાસનમાં આયંબીલ તપને ઉપવાસથી પણ અધિક માંગલિક કહેવાયેલ છે તે ઉકિતને ચરિતાર્થ કરવા કાયમી સ્વરૂપે પાટણ વર્ધમાન તપ આયંબીલ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ, જેના પ્રારંભથી જોડાઈ આજે ૭૯ વર્ષની વયે પણ તન-મનથી અનુમોદનીય સેવાઓ આપી રહેલ છે.

## શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ (કનાસાનો પાડો)



સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બીઓ માટે જીવન સૌરભ ફોરમનું નિર્માણ કરનાર તથા મનોરંજન કાર્યક્રમો અને યાત્રા પ્રવાસની યોજના સાકાર કરનાર તેમજ પાટણ ખાતેના ભાઈ-બહેનોને સ્વાવલંબી બનાવવા સ્થપાયેલ **''કનાસા કલ્યાણ કેન્દ્ર''ના** આદ્ય સ્થાપક રહ્યા છે.



## શ્રી ધીરજલાલ પુનમચંદ શાહ

શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલયમાં સને ૧૯૭૯માં ગૃહપતિ તરીકે જોડાઈ તેના વિદ્યાર્થીઓમાં અનુસાશનની અનેરી છાપ છોડ્યા પશ્ચાત ચાર દાયકાથી વિદ્યાલય, ઉપરાંત પાટણ પાંજરાપોળ, જ્ઞાનમંદિર તથા અતિથિગૃહ – જેવી પ્રવૃત્તિઓના મુખ્ય સંચાલક તરીકે શ્રેષ્ઠ સેવાઓ આપી રહ્યા છે. **પાટણ ખાતે સરકારી, ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓના શુભ કાર્યોમાં પોતાની આગવી આવડતનો ઉપયોગ કરી સંસ્થાઓના કાર્યો પાર પાડે છે.**

# અભિવાદન સમયે સંજોગોવસાત ઉપસ્થિત નહીં રહેનાર મહાનુભવો

## શ્રી ચંદ્રકાંતભાઈ સરૂપચંદ સંઘવી

પાટણ ખાતે શેષકાળ દરમ્યાન સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મહાભિનિષ્ક્રમણ માર્ગે સંચરવાના મનોરથવાળા મુમુક્ષુઓ માટે શ્રુતજ્ઞાન પ્રદાન સેવાર્થે સને ૧૯૯૯ માં સંસ્થા દ્વારા સ્થપાયેલ સિદ્ધહેમ જ્ઞાનપીઠની પ્રવૃત્તિમાં તેના પ્રારંભથી પંડિત તરીકે જોડાઈ જ્ઞાન ગંગા વહાવી રહ્યા છે. સાથોસાથ ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ અગ્રણી રહી જિનશાસન પ્રભાવના કરી રહ્યા છે.

## શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ (મહાદેવાજીની શેરી)

સમાજના પરિવારો માટે સંસ્થા દ્વારા ચાલતી સમુહ લગ્ન પ્રવૃત્તિમાં પ્રારંભથી યુગલોને નેશનલ સેવીંગ સર્ટીફિકેટ તથા અન્ય ભેટ આપનાર. સંસ્થાની મેડિકલ સમિતિના માનદમંત્રી પદે દવા વિતરણ તથા ગ્રુપ મેડિકલેઈમ પોલીસી યોજનાના પ્રણેતા. **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેરાસરના ટ્રસ્ટી અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાઈને તન-મન-ધનથી સેવાઓ આપે છે.**

# સંસ્થા સમાચાર

## પાટણ પાંજરાપોળ ખાતે દાતા સન્માન સમારોહ

તા. ૧૪-૧૨-૨૦૧૯ના રોજ પાટણ પાંજરાપોળમાં ખલીપુર ખાતે દાતા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨ વર્ષમાં પાંજરાપોળને ઘાસનું દાન આપનાર ૫૦થી વધુ ખેડૂતોનું સન્માન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. પાટણ ખાતેના માનદ કાર્યકરો શ્રી સનાભાઈ, શ્રી મુક્તિભાઈ, શ્રી ધીરૂભાઈ તથા શ્રી કનુભાઈ મોદીનું પણ આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થામાં રૂા. ૨૧ લાખનું દાન આપનાર નીચેના પરિવારોનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું.

**(૧) શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ ઝભલાવાળા**
**(૨) શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ**
**(૩) શ્રીમતી શારદાબેન મહાસુખલાલ અમૃતલાલ શાહ**
**(૪) શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ**
**(૫) શ્રીમતી સુશીલાબેન બાલુભાઈ પોપટલાલ શાહ**

આ સમારંભમાં પાંજરાપોળની લગભગ ૪ વીઘા જેટલી જમીન સ્વ. શ્રી માણેકબેન જેઠાભાઈ પસાભાઈ પટેલ નામના ખેડૂત પરિવારે પાંજરાપોળને પાછી આપી હતી. તે પ્રસંગે તેમનું પણ જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભના પ્રમુખસ્થાને શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ હાજર રહ્યા હતા. પાંજરાપોળના ટ્રસ્ટીઓ તેમ જ હોદ્દેદારોએ પણ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પાટણ ખાતે સ્થાનિક, રાજનૈતિક પ્રતિનિધિયો અને સ્થાનિક સંસ્થાના હોદ્દેદારો હાજર રહ્યા હતા. જિલ્લા કલેક્ટર, સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ, જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર વિગેરે સરકારના અનેક પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત રાજકીય આગેવાનો ગુજરાત બીજેપીના સેક્રેટરી શ્રી કે.સી.પટેલ, પાટણના મેયર શ્રી મહેન્દ્રભાઈ પટેલ વિગેરે હાજર રહીને જીવદયાના કાર્યક્રમની સરાહના કરી હતી.

સ્થાનિક કાર્યકરો ખાસ કરીને શ્રી ધીરૂભાઈ તથા શ્રી કનુભાઈ મોદીએ કાર્યક્રમને સફળ બનાવવા સખત જહેમત ઉઠાવી હતી. સંસ્થા કાર્યક્રમને સફળ બનાવનાર તમામનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

## માહે ડિસેમ્બર ૨૦૧૯નો પાટણ પ્રતિબિંબ ''શતાબ્દી ઉજવણી વિશેષાંક''ની ભુલ સુધાર



બા.સા. પનાલાલ પુનમચંદ



બા.સા. નાનકચંદજી પુનમચંદજી (ખજૂરીનો પાડો)



બા.સા. જીવણલાલ પનાલાલ

❑ પાના નં. ૧૫ ઉપર છપાયેલ શરતચૂકથી ઉલટા સૂલટી નામ અને ફોટા છપાયેલ છે તે બદલ દિલગીરી વ્યક્ત કરતા ઉપર મુજબના સુધારેલ નામો વાચવા વિનંતી.

❑ પાના નં. ૩૭ પર ચોધરીની શેરીના **શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ ઝવેરીનું** નામ શરતચૂકથી લખવાનું રહી ગયેલ છે તે વાંચવા વિનંતી.

❑ પાના નં. ૧ ઉપર સ્પોટ્ર્સ સમિતિમાં **શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ (સિનિયર એડવાઈઝર)** શરતચૂકથી નામ છાપવાનું રહી ગયેલ છે તેની નોંધ લેવા વિનંતી.

❑ **સંપાદક સમિતિ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT




શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સેન્ટરનું ડી.એસ.પી. શ્રી અક્ષયરાજ મકવાણા દ્વારા ઉદ્‌ઘાટન

વિદ્યાલય ત્રિ દિવસીય મહોત્સવ પાના નં. ૧૧ થી ચાલુ

**સ્પોર્ટ્સ એન્ડ કલચરલ સેન્ટર ઉદ્‌ઘાટન વિધિઃ-**

સવારે ૧૧ કલાકે શોભાયાત્રા વિદ્યાલય પરિસરમાં પ્રવેશતા મુખ્ય મહેમાન ડિસ્ટ્રીક્ટ પોલીસ સુપ્રીટેન્ડટ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ દ્વારા દાતાશ્રીના પુતળાને ફુલહાર કરી **સ્કુલ ડેવલપમેન્ટ ફંડના દાતાશ્રીઓની તક્તીનું અનાવરણ કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી સ્પોર્ટ્સ કલ્ચરલ સેન્ટરનું ઉદ્‌ઘાટન તેમજ તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ તથા દાતા પરિવાર દ્વારા કરાયું હતું.** તક્તી અનાવરણ વિધિ પૂર્ણ થયા બાદ સ્કોલરશીપ યોજનામાં રૂા. ૭૫ લાખનું દાન આપનારા તેમજ ઉજવણી ખર્ચમાં સહભાગી બનનાર સર્વ દાતાઓના બહુમાનની સાથે સાથે ડીસન્ટ ઓરકેસ્ટ્રા દ્વારા ગુજરાતી લોકગીતો અને સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

બપોરે ૧.૩૦ વાગ્યા સુધી ચાલેલા આ સંગીતમય કાર્યક્રમની મજા માણ્યા બાદ મહેમાનો માટે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## દાતાશ્રીઓનો અભિવાદન સમારોહ




અમૃત મહોત્સવના દાતાશ્રીઓનું સમારંભના મુખ્ય મહેમાનો દ્વારા બહુમાન



શાળાના મુખ્યદાતાના પ્રપૌત્ર શ્રી અસિમભાઈનું સન્માન






ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનો



''સ્પંદન'' કાર્યક્રમમાં પ્રદર્શિત થયેલ વિદ્યાર્થીઓની પ્રતિભાની ઝલક...

## વિદ્યાલય ''સ્પંદન'' કાર્યક્રમ:-

સાંજના ૬.૦૦ કલાકે સર્વ મહેમાનો તેમજ ટેલેન્ટ પ્રોગ્રામમાં પાર્ટ લેનાર વિદ્યાર્થીઓ સહીત ૮૦૦ વ્યક્તિઓ માટે ડીનરની વ્યવસ્થા કરાઈ હતી. બરોબર ૭.૦૦ કલાકે સ્પંદન કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભવોના વરદ હસ્તે દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ પાટણની ગૌરવગાથા રજુ કરતા ગીતનું LED સ્ક્રીન ઉપર પ્રસારણ કરવામાં આવેલ જેને ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. **આ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ ગૃહમંત્રી તથા વિકાસ મોરચાના અધ્યક્ષ શ્રી રજનીભાઈ પટેલ તથા અન્ય મહેમાનોનું પુષ્પ ગુચ્છ દ્વારા અભિવાદન કરાયું હતું. પ્રિન્સીપાલ શ્રી ડૉ. બી.આર.દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સ્કુલની પ્રગતિનો ચિતાર આપ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન શ્રી રજનીભાઈએ સ્કુલને શુભેચ્છાઓ આપી હતી.**

**સ્પંદન કાર્યક્રમમાં પ્રાથમિક શાળા તથા માધ્યમિક સ્કુલના લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનામાં રહેલી ટેલેન્ટને રંગમંચ ઉપર પ્રદર્શીત કરી હતી. એકથી એક ચઢિયાતી કૃતિઓ નિહાળી લગભગ ૧૮૦૦ જેટલી જનમેદનીએ તાળીઓ અને સીટીઓ વગાડી ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરેલ.** વન્સમોરના અનેક નાદ સંભળાતા હતા. ભાતીગળ ગરબો, દેશભક્તિ, સ્વચ્છતા અને ફેમિલી થીમ પરના વિવિધ ડાન્સ તેમજ આતંકીઓના આતંક અને લશ્કરની કાર્યવાહીને આબેહુબ દેખાડતી કૃતિએ સૌના દિલ જીતી લીધા હતા. બધીજ કૃતિઓને કદરરૂપે પ્રેક્ષકોમાંથી સારી એવી રકમની ભેટોની જાહેરાતો થતી હતી. **વિદ્યાર્થીઓની કલાત્મક કૃતિઓથી પ્રભાવીત થઈ લગભગ રૂા. ૭૨૦૦૦ જેટલી રોકડ રકમની ભેટ મળી હતી.** રાત્રીના ૯.૩૦ કલાકે સ્પંદન કાર્યક્રમની સમાપ્તી થઈ હતી.



''સ્પંદન'' કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓ દ્વારા પ્રસ્તુત થયેલ કૃતિઓ

## વિદ્યાલય અમૃત મહોત્સવ - ગરબા-રાસ દિનાંક ૧૫-૧૨-૨૦૧૯, રવિવાર

રવિવારના સવારના સમયે શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીનો ભવ્ય પ્રોગ્રામ માણ્યા પછી સાંજે વિદ્યાલય કેમ્પસના વિશાળ પટાંગણમાં ડિસન્ટ ઓરકેસ્ટ્રાના તાલે રાસ ગરબાનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. સ્કુલના સ્ટુડન્ટ, તેઓના વાલીઓ તેમજ આમંત્રિત મહેમાનો સહીત ૧૨૦૦થી પણ વધુ ખેલૈયાઓની ઉપસ્થિતિ રહી. નાનાથી મોટા અને વયસ્ક બધાજ મન મુકીને ઝૂમ્યા હતા. સાંજે ડીનરની વ્યવસ્થા કરાઈ હતી. રાસ-ગરબામાં સંસ્થાના **ટ્રસ્ટી ડૉ. જશવંતભાઈ એમ શાહ** તરફથી વિજેતાઓને ઈનામો અપાયા હતા. અમૃત મહોત્સવ સમાપન સમારોહમાં  વીસ મિનિટ સુધી આકાશમાં રંગબેરંગી આકર્ષક આતશબાજી કરી સૌ વિખરાયા હતા. **માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ શાહે સમગ્ર મહોત્સવમાં પધારનાર મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાશ્રીઓ, સમગ્ર ટીચર્સ સ્ટાફ, વિવિધ પ્રોગ્રામમાં ભાગ લેનાર વિદ્યાર્થીગણ તથા અમૃત મહોત્સવ આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌ પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો.**

**સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. યશવંતભાઈ, શાળા સમિતિના માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ, અમૃત મહોત્સવના કન્વીનર શ્રી દાનેશભાઈ તથા મુંબઈ અને પાટણ ખાતેની સમગ્ર વિદ્યાલય સમિતિના સંનિષ્ઠ પ્રયત્નો તેમજ અમૃત મહોત્સવના ખર્ચમાં સહાયક થયેલ મુખ્ય આધાર સ્થંભ તથા વિવિધ કાર્યક્રમોના સૌજન્ય દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગના પરિણામે ત્રિ-દિવસીય કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થયેલ તે બદલ આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.**

❑ **વિદ્યાલય સમિતિ**









## ૭૫ વર્ષની અમૃત મહોત્સવની ઉજવણીના સંભારણારૂપે વિદ્યાલય ડેવલોપમેન્ટ માટે ભેટ ધરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓની ભૂરી ભૂરી અનુમોદના

**વિદ્યાલય નિભાવ ફંડ :**
**સ્વ. શ્રી લીલાવતીબેન પોપટલાલ ભોગીલાલ શાહ રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

### વિદ્યાલય શિક્ષણ સહાય ફંડ

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | રૂા. ૫,૦૪,૦૦૦ |
| ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ | રૂા. ૫,૦૦,૦૦૦ |
| શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ (મુજપુરવાળા) | રૂા. ૫,૦૦,૦૦૦ |
| શ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી | રૂા. ૨,૫૦,૦૦૦ |
| શ્રીમતી નીલાબેન લાલચંદભાઈ ગાંધી | રૂા. ૨,૫૦,૦૦૦ |
| એસ. કે. પરિવાર | રૂા. ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ | રૂા. ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ઈન્દીરાબેન સેવંતીલાલ શાહ | રૂા. ૨,૦૦,૦૦૦ |
| શ્રી દેવદત્તભાઈ બાબુલાલ જૈન | રૂા. ૧,૫૧,૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન યશવંતલાલ ઝવેરી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ | રૂા. ૧.૦૦,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ડૉ યશવંતભાઈ હરિલાલ ઝવેરી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ (જે.ડી.) શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી નેમચંદ ભીખાચંદ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી જય શૈલેષભાઈ કેશવલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી કાન્તાબેન મોહનલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| સ્વ. શ્રીમતી કલાવતીબેન બાબુલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શાંતિ પરિવાર ટ્રસ્ટ, હ. શ્રી રાજેશભાઈ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી દાનેશભાઈ ભગવાનદાસ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી મિતિનભાઈ અંબાલાલ પટેલ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી પ્રિયલતાબેન શશિકાંતભાઈ સોનાવાલા | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ ઝભલાવાળા | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ડૉ. અતુલભાઈ આર. અગ્રવાલ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી વિદ્યુતબેન બિપીનભાઈ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી બી. કે. સાલવી પરિવાર | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (કલકત્તાવાળા) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી અતુલભાઈ નવીનચંદ્ર શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી કિરીટકુમાર હિંમતલાલ કોઠારી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી હર્ષદભાઈ વાડીલાલ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રી વસંતભાઈ છોટાલાલ દોશી | રૂા. ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી વિલાસબેન પ્રકાશભાઈ ચીનુભાઈ શાહ | રૂા. ૧,૦૦,૦૦૦ |

### વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી મુખ્ય આધાર સ્થંભ

| | |
|---|---|
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા | ૧,૫૦,૦૦૦ |
| શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | ૧,૫૦,૦૦૦ |
| શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ | ૧,૫૦,૦૦૦ |

### વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણીના વિવિધ કાર્યક્રમના સૌજન્ય દાતા

| | |
|---|---|
| શ્રી જે.કે. શાહ | ૭૫,૦૦૦ |
| શ્રી મીતીનભાઈ અંબાલાલ પટેલ (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રી પ્રિયવદનભાઈ રમણલાલ શાહ | ૫૧,૦૦૦ |
| ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ | ૫૧,૦૦૦ |
| શ્રી ભૂપેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ (અમદાવાદ) | ૫૧,૦૦૦ |

## અભિનંદન



❑ **"Mannvir"** son of Smt. Upagna and Shri Jitesh Jashvantbhai Shah of (Bhabhano Pado - Juhu) represented India as the Captain of Indian Robotics Team at Make X **International Robotics Competition held in Guangzhou, China** from November 29 to December 1st 2019. They won Two prestigious Awards.

(1) Best Engineering Portfolio

(2) Best Team Culture

A total of 84 teams from countries world over participated after winning in the national Chapter of their respective countries.

Shree Patan Jain Mandal Congratulates Mannvir and his team for their wonderful achievements.

❑ Jeevan Chemicals engaged in manufacturing and exporting since 2005. **Mr. Sonir Mahendra Kumar Shah & Mrs. Ashita Sonir Shah** (Keshusethno Pado) director's of Jeevan Chemicals Pvt. Ltd were awarded the prestigious award by Pesticides Manufacturers & Formulators Association Of India for Export Excellence Award. The event was held at the Hyatt Regency, New Delhi on 14th November, 2019. Jeevan Chemicals Pvt. Ltd. also recognised the status of One Star export house awarded by the Government of India, Ministry of Commerce and Industry for it best export performance of preceding years.

### સુરત પાટણ જૈન મિત્ર મંડળ

સુરત પાટણ જૈન મિત્ર મંડળનો પર્યુષણ પછી ''આલીપોર'' તિર્થનો યાત્રા પ્રવાસ તા. ૧૫-૦૯-૨૦૧૯ રવિવારે યોજાયેલ. અંદાજીત ૧૦૦ સભ્યો આ પ્રવાસમાં જોડાયા હતા. સવારે નવકારશી, સ્નાત્ર પૂજા, બપોરે જમવાનું, મીટીંગ તથા ચોવિહાર. ત્યારબાદ ભાવના, આરતી કરી સુરત તરફ રવાના થયા. યાત્રા ખૂબજ ઉલ્લાસપૂર્વક કરી હતી. પ્રવાસ દરમ્યાન જીવદયાની ટીપ કરાતા રૂા. ૧૩૫૦૦/- એકત્રીત થયેલ જે મુંબઈ પાટણ પાંજરાપોળ ખાતે મોકલી આપેલ.

## પાટણનું ગૌરવ

❑ શ્રી પાટણ જૈન મંડળ, શ્રી પાટણ પાંજરાપોળ તેમજ જૈન ઉપાશ્રય અને ભોજનશાળાના ટ્રસ્ટી અને પાટણ ખાતે પ્રદિપ કોલેજ ઓફ કોમર્સના મુખ્ય દાતા **શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ** (કુંભારીયા પાડો) ની કંપની મે. પ્રદિપકુમાર ફાર્મા પ્રા.લિ.ને ભારત સરકાર દ્વારા નિર્યાત માટે સ્ટાર એક્સપોર્ટ હાઉસનું બિરુદ મળેલ છે, દેશ-વિદેશના ફાર્મા જગતમાં તેમની કંપની મોખરાનું સ્થાન ધરાવે છે.

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા શ્રી પ્રદિપભાઈને મુંબઈના યોગી સભાગૃહમાં **''ઉદ્યોગ રત્ન ગીરનાર એવોર્ડ''** અર્પણ કરી નવાજવામાં આવ્યા હતા.

સંસ્થાના દાતા પરિવારના શ્રી પ્રદિપભાઈએ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક સિદ્ધિઓની સાથે વ્યાપારિય સિદ્ધિ મેળવી સમાજ અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તેઓશ્રી જીવનના દરેક ક્ષેત્રે દિન-પ્રતિદિન ઉન્નત્તિના શિખરો સર કરે તેવી શુભેચ્છા સાથે અભિનંદન.

❑ પાટણ ખેતરપાળના પાડા (બાબુલનાથ)ના **શ્રી જિતેન્દ્રભાઈ રસિકલાલ શાહ** (ઉ.વર્ષ ૭૫) દ્વારા **''અભ્યાસ કરવોજ હોય તેને ઉંમરની કોઈ મર્યાદા નડતી નથી''** એ વિધાન સાર્થક કરેલ છે. ભારત સરકારના એચ.આર.ડી. વિભાગના કાઉન્સીલ ફોર પ્રમોટીંગ **ઉર્દૂ લેન્ગવેજ અંતર્ગત ''એરબીક ભાષા''** શિખવાના બે વર્ષના કોર્સમાં ૧૦૦ વિદ્યાર્થીઓમાં ૯૯ વિદ્યાર્થી ઓ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા. એક માત્ર ગુજરાતી - જૈન વિદ્યાર્થી ૭૫ વર્ષના જિતેન્દ્રભાઈએ આ કોર્સ **''એ'' પ્લસ ગ્રેડ** મેળવી પૂર્ણ કરેલ છે. નીત-નવુ શીખવાની પ્રેરણાત્મક ધગશવાળા શ્રી જિતેન્દ્રભાઈને શ્રી પાટણ જૈન મંડળના હાર્દિક અભિનંદન.

❑ ચોધરીની શેરીના (તારદેવ) શ્રીમતી લોપાબેન તથા નિલેશ સુરેશભાઈ ચોધરીના પુત્ર **''ચિ. આરવ''** મહારાષ્ટ્ર રાજ્યની મુંબઈમાં યોજાયેલ **ઈન્ટર સ્કુલ ટેનીસ સ્પર્ધામાં** ચોથુ સ્થાન મેળવી વિજેતા થયેલ છે તે બદલ અભિનંદન તેમજ ભવિષ્યમાં પણ આથી વિશેષ સિદ્ધિઓ મેળવી સંસ્થા અને સમાજને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા.

❑ બી.ડી. હાઈસ્કુલના શિક્ષિકા **શ્રીમતી મનીષાબેન મયુરભાઈ શાહ** જેઓ શ્રી પાટણ જૈન મંડળના પાટણ ખાતેની પ્રવૃત્તિઓના **સંચાલક શ્રી ધીરૂભાઈના પુત્રવધુ છે,** તેઓએ **લોહ પુરુષ વલ્લભચારિત્તમ એકાસમીક્ષા અધ્યયન વિષય પર મહા નિબંધ** રજૂ કરી **વીર નર્મદ યુનિવર્સિટી સુરત દ્વારા પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે** તે બદલ હાર્દિક અભિનંદન.

❑ વાસુપૂજ્યની શેરીના **શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલાના પુત્રી જિજ્ઞા શાહ-ઓઝાને ગ્રાફિક ડિઝાઈનરનો ''ગિરનાર એવોર્ડ''** અપર્ણ કરવામાં આવેલ છે. મુંબઈના યોગી સભાગૃહમાં બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા તેમને સન્માનવનામાં આવેલ. શ્રી પાટણ જૈન મંડળ જિજ્ઞાબેનને અભિનંદન આપી દિન-પ્રતિદિન પ્રગતિ સાથે સફળતા પ્રાપ્ત કરે એવી શુભેચ્છા આપે છે.

# જનતા હૉસ્પિટલ પાટણનાં MRI વિભાગનું નામકરણ







જીવન જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, પાટણ સંચાલિત **પાટણ જનતા હૉસ્પિટલમાં કાર્યરત MRI વિભાગને** તાજેતરમાં (તા. ૧૪-૧૨-૨૦૧૯) આપણા સમાજના મલ્લાતના પાડાના અને શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા રૂા. એકાવન લાખનું દાન સમર્પિત કરતાં **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ, મુંબઈનું નામકરણ** થયેલ છે જે બદ્દલ દાતા પરિવારની અનુમોદના.

આ પ્રસંગે હૉસ્પિટલના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી પ્રમોદભાઈ પટેલ તબિબો ડૉ. વર્ષાબેન ધોળકિયા, ડૉ. પ્રતિક શાસ્ત્રી, ડૉ. શરદ પટેલ, ડૉ. અનીશ પંચાલ, ડૉ. મોનીન્દ્ર રાવલ, ડૉ. ભાણાભાઈ ચોધરી, મેનેજર જયેશભાઈ પ્રજાપતી તથા સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં **શ્રી વિરેન્દ્રભાઈ શાહે શ્રી મનસુખભાઈ તથા શ્રી પ્રમોદભાઈ બન્નેએ ગરીબ, જરૂરિયાતમંદોને સારી અને સસ્તી તબીબી સેવાઓ પુરી પાડવા ભારે જહેમત ઉઠાવી છે** તે બદલ તેઓને પાટણના સાચા સેવકો કહી બિરદાવ્યા હતા.

પાટણની જનતા હૉસ્પિટલ નહી નફો નહીં નુકસાનના ધોરણે ચાલતી **પાટણની પ્રથમ મલ્ટીસ્પેશ્યાલિટી હૉસ્પિટલ છે. જેમાં સીટી સ્કેન, એમ.આર.આઈ. જેવી અતિ મહત્વની તબીબી સેવાઓ નજીવા દરે ઉપલબ્ધ છે.** આ ઉપરાંત દરેક રોગોના નિદાન તથા સારવાર માટેના જુદા જુદા વિભાગો છે જેનો દર્દીઓ દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લેવાઈ રહ્યો છે.

આ **હૉસ્પિટલના આદ્યસ્થાપક શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી રહ્યા હતા,** કે જેમણે પોતાની દૂરંદેશી વિચારસરણીના પરિણામે વર્ષો અગાઉ પાટણ ખાતે આ હૉસ્પિટલનું નિર્માણ કરેલ.

## "Healthism" મેડિકલ કાર્ડ

થોડા વર્ષો પહેલા શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિએ મુંબઈમાં કેટલીક પેથોલોજી લેબોરેટરીઝ સાથે વાટાઘાટ કરી સમાજનાં સભ્યોને ડિસ્કાઉન્ટ મળે તે માટે ફેમેલી કાર્ડ બનાવડાવ્યા હતા. આ વિચારને મેડિકલ ક્ષેત્રે વ્યાપક સ્વરૂપે વિસ્તારી આપણા સમાજના સભ્યોને અનેક હૉસ્પિટલો, નર્સીંગહોમ, પેથોલોજી લેબ્સ, ડાયગ્નોસ્ટીક સેન્ટર, ફાર્માસી, ડોક્ટર્સ, ડેન્ટીસ્ટ, ફિઝિયોથેરાપી, જીમ ફીટનેસ સેન્ટર્સ, યોગા સેન્ટર, મહિલા અને બાળકોની સારવાર કરતા કેન્દ્રો, કીડની કેર સેન્ટર, આર્યુવેદિક ક્લિનિક વિગેરે શારિરીક સારવારને લગતી ઘણી બધી બાબતોમાં સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળે તે માટે "Healthism" કાં. દ્વારા મેડિકલ કાર્ડ યોજના તૈયાર કરેલ છે, જેમાં જોડાનાર સભ્યોને "Healthism" નીસાથે જોડાયેલ સેન્ટરોમાં સામાન્ય દરમાં આકર્ષક ડિસ્કાઉન્ટ મેળવી શકાય છે. **www.healthism.co વેબસાઈટ** પર આ કાર્ડ સાથે સંલગ્ન મેડિકલ સેન્ટરોની સુચી જાણી શકાય છે. "Healthism" બચત કાર્ડનો ઉપયોગ એક વર્ષ માટે પરિવારના કુલ ૪ થી ૬ મેમ્બર કરી શકશે. (સભ્ય સભ્યના માતા-પિતા તથા સભ્યના બાળકો) કૌટુંબિક કાર્ડની કિંમત ૧૩૦૦ રૂા. રહેશે. (જરૂરિયાતમંદ કુટુંબોને સબસીડી આપવા સંસ્થા વિચારે છે.)

**કાર્ડ ધારક પરિવારને ઉપર્યુક્ત સંલગ્ન સેન્ટરોમાં ડિસ્કાઉન્ટ ઉપરાંત નીચે જણાવેલ વધારાના લાભો પણ આપશે.**

- રૂા. ૧ લાખનાં એક્સિડન્ટલ ડેથ વીમો ફ્રી "Healthism" બચત કાર્ડ સાથે મળશે.
  (કુટુંબના જે સભ્યના નામે "Healthism" કાર્ડ હશે તેમને જ મળવાપાત્ર રહેશે)
- રૂા. ૫૦ હજાર, એક્સિડન્ટલ હૉસ્પિટલ કવર (વીમા પોલિસી) "Healthism" બચત કાર્ડ સાથે મળશે.
  (જે સભ્યના નામે "Healthism" કાર્ડ હશે તેમને જ મળવાપાત્ર રહેશે.)
- ૧ જીબી ઈ.એમ.આર. સ્ટોરેજ સુવિધા તદ્દન ફ્રી.
- ૬૦ જેટલા લોહીની ટેસ્ટ ફ્રી (એક વખત) "Healthism" કાર્ડના એક સભ્યને તદ્દન ફ્રી.
  (થાઈરોઈડ પ્રોફાઈલ, ડાયાબીટીસ, આયરન, લીવર પ્રોફાઈલ, લીપીડ પ્રોફાઈલ, ક્રિએટીન તથા હામોગ્રામને લગતા ટેસ્ટ)

આપણા સમાજના દરેક પરિવારો ઉપર્યુક્ત કાર્ડ ખરીદ કરી પરિવારના મેડિકલ ખર્ચમાં ગણના પાત્ર બચાવ કરી શકશે. સક્ષમ પરિવારો પણ આ કાર્ડ ખરીદી મેડિકલ સારવામાં ડિસ્કાઉન્ટ મેળવી શકશે. **આ અંગેની વિશેષ માહિતી મળી શકે તે માટે "Healthism" ના સંચાલકો સાથે જાહેર વાર્તાલાપ રાખવાની યોજના છે. જેની તારીખ અને સમયની જાણ નજદીકમાં ભવિષ્યમાં કરવામાં આવશે, ત્યારે નોંધ લઈ હાજર રહેવા વિનંતી. સમાજના જે કુટુંબીજનો કોઈપણ કારણવશ મેડિક્લેઈમ પોલીસી કઢાવી શકે તેમ ન હોય તેઓને આ કાર્ડ ઉપયોગી થઈ રહશે.** ❑**મેડિકલ સમિતિ**

## વાચકોના પત્રમાંથી

❑ સૌ પ્રથમ આપ સહુને નવા વર્ષની શુભેચ્છા. જોતજોતામાં શતાબ્દી વર્ષ પુરૂં થયું. ૨૪ નવેમ્બરે ઉજવાયેલ કાર્યક્રમને આપણે સહુએ સરસ રીતે માણ્યો. ઘણા વર્ષોથી જેની રાહ જોતાં હતાં. એ કાર્યક્રમ રંગે ચંગે પતી ગયો. અત્યારના સમયમાં પાટણની યશોગાથાઓ ભૂલાઈ રહી છે. તેવામાં પાટણની ડોક્યુમેન્ટરી બતાડીને ટ્રસ્ટીઓએ નવયુવાનીમાં જોશ પૂરવાનું કામ કર્યું.

કુમારપાળ રાજા અને હેમચંદ્રાચાર્યની જન્મભૂમિને કેમ ભૂલાય ? આજે પણ પાટણ વ્યાપાર ધંધામાં આગળ છે. પાટણનાં પટોળા દેશમાં જ નહીં, વિદેશોમાં પણ પ્રખ્યાત છે. રાણકી વાવ, સહસ્ત્રલિંગ તળાવ વગેરે પ્રાચીન સ્થળોને જોવા લોકો દૂર દૂરથી આવે છે. આજુબાજુના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. સાધુ સાધ્વીઓ પણ અહીં પૂજ્ય હેમચંદ્રાચાર્યની વિશાળ લાયબ્રેરીમાં ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરવા આવે છે.

આપણા પાટણનાં લગભગ દરેક મહોલ્લાઓમાં આજે પણ વિવિધ પ્રોગ્રામોનું તેમજ ઓચ્છવોનું આયોજન કરવામાં આવે છે જેથી આજના નવયુવાનો તેમજ બાળકો પોતાની જન્મભૂમિને ભૂલે નહીં. પાટણમાં દાનવીરો પણ ઘણા છે જેઓ દાન આપીને પાટણનું નામ રોશન કરે છે.

દૂર દૂર સુધી જ્યાંથી ઘંટનાદ સંભળાય છે, એવા આપણા પાટણની શોભા દિન પ્રતિદિન વધતી જ રહે એવી શુભેચ્છા સાથે આ આલેખન પત્ર હું પૂર્ણ કરું છું અને ગર્વથી કહું છું કે હા, હું પટણી છું.

**– શ્રીમતી ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

❑ શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી તા. ૨૪ નવેમ્બર, ૨૦૧૯ રાખી હતી તેના રૂા. ૧૦૦/- પાસના રાખવામાં આવ્યા હતાં પ્રોગ્રામમાં પાટણના બધાજ લોકો આવ્યા હતા જે જગ્યા ઘણીજ મોટી હતી. દરેકને હાથ ઉપર જે પટ્ટી બાંધવામાં આવી હતી તેને કારણે એ બધાજ પાટણના છે તેવું લાગતું હતું તે બહુ સારું કર્યું કહેવાય.

જમવાનું બે ભાગમાં વેચ્યા હતા તે પણ ઘણું સારું થયું હતું, જેની ઉંમર ૭૦ વર્ષ થઈ હોય તેને માટે કોઈ ટેબલ નહીં કે ખુરસી પણ નહીં. થાળી લઈને જમે કઈ રીતે ? નીચે પણ બેસી ના શકે, જમવાનું ઘણુજ સારુ અને સ્વાદિષ્ટ કહેવાય.

જમીને હોલમાં ગયા જગ્યા વિશાળ પણ ઉપર જવાના પેસેજમાં કોઈ લાઈટ નહીં અને લોખંડના બીમ હતા ઘણાને વાગતા હતા અને ઘણા પડી જતાં હતા તે મેં પોતે જોયા છે. હું પણ બે વખત પડી ગયો હતો. તેના માટે નાની નાની લાઈટો રાખવી જોઈતી હતી. મોબાઈલ ફોનની લોકો લાઈટ કરીને પોતાની જગ્યાએ બેસતા હતા.

બીજુ પાણી માટે પણ બહુજ તકલીફ હતી, પાણીની બોટલો રાખવી જોઈતી. બીજુ હોલમાં સંગીત સાંભળવા બેઠા પણ તે શું ગાતો હતો તે પોતેજ જાણતો હતો, કેમ છો ? મજામાં છો ? તમારે સંગીતવાલાને કહેવાનું હતું કે જુના ગાયનો અને રાષ્ટ્રના ગાયનની ધુન વગાડજે. ઉપર જાવો, નીચે જાવ પાણી તો મળે નહીં આવું પાટણ પ્રોગ્રામમાં આવ્યા એવું લાગતું, ચાલો પ્રોગ્રામ સારો પણ જે કાંઈ લખ્યું છે તે જાણ માટે લખ્યું છે, કાંઈ ખરાબ લગાડવા જેવું નથી જે જોયું તે લખ્યું છે.

**– શ્રી પ્રવિણભાઈ, ગોરેગામ, જવાહર નગર, મુંબઈ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | ખેતરપાળનો પાડો | ડૉ. રમેશભાઈ રસિકલાલ શાહ | ૭૩ | મુંબઈસેન્ટ્રલ | ૨૫-૧૦-૧૯ | આસો વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | રસીલાબેન પ્રતાપચંદ શાહ | ૮૧ | મલાડ | ૨૪-૧૧-૧૯ | કારતક વદ ૧૩ |
| વિશા પોરવાળ | લખિયારવાડો | સુધીરભાઈ રમણલાલ શાહ | ૭૦ | અંધેરી | ૨૫-૧૧-૧૯ | કારતક વદ ૧૪ |
| વિશા પોરવાળ | ઝવેરીવાડો | સુરેશભાઈ અમૃતલાલ શાહ | ૮૬ | વિરાર | ૨૮-૧૧-૧૯ | માગશર સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | હસમુખભાઈ ચીમનલાલ શાહ | ૯૧ | વિલેપાર્લા | ૨૯-૧૧-૧૯ | માગશર સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | સરલાબેન દિનેશભાઈ શાહ | ૮૦ | વાલકેશ્વર | ૧૮-૧૨-૧૯ | માગશર વદ ૦૭ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | કલ્પેશભાઈ કીર્તિલાલ શાહ | ૫૧ | બોરીવલી | ૨૫-૧૨-૧૯ | માગશર વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | નીશાળનો પાડો | સતીષભાઈ કાંતિલાલ શાહ | ૭૦ | કાંદિવલી | ૨૯-૧૨-૧૯ | પોષ સુદ ૦૩ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | પ્રતાપચંદ્ર પનાલાલ પટવા | ૭૯ | વસઈ | ૦૬-૦૧-૨૦ | પોષ સુદ ૧૧ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | દેવેન્દ્રકુમાર મહાસુખલાલ શાહ | ૫૬ | ગોરેગામ | ૦૭-૦૧-૨૦ | પોષ સુદ ૧૨ |
| વિશા ઓસવાલ | ઢંઢેરવાડો | કિરણભાઈ વસંતલાલ શાહ | ૬૮ | બોરીવલી | ૦૭-૦૧-૨૦ | પોષ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ | ૮૦ | વિલેપાર્લા | ૦૭-૦૧-૨૦ | પોષ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | દિલીપભાઈ જશવંતલાલ શાહ | ૬૯ | અંધેરી | ૦૮-૦૧-૨૦ | પોષ સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | રાજેશભાઈ પ્રતાપચંદ શાહ | ૭૩ | ગોરેગામ | ૦૯-૦૧-૨૦ | પોષ સુદ ૧૪ |
| દશા શ્રીમાળી | ભાભાનો પાડો | ઉષાબેન પ્રફુલભાઈ શાહ | ૭૯ | વિલેપાર્લા | ૧૦-૦૧-૨૦ | પોષ સુદ ૧૫ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# દિવ્યાંગ બાળકોનો
# પાટણ - પાલનપુર યાત્રા પ્રવાસ

**''દિશા''** તરફથી પાટણ અને પાલનપુર યાત્રા પ્રવાસનું હંમેશની જેમ દિવાળી પછી આયોજન કરાયું હતું.

તા. ૧૮-૧૧-૨૦૧૯ સોમવારના દરેક યાત્રિક ગુજરાત મેલથી અમદાવાદ તરફ પ્રયાણ થયું. મંગળવારે સવારના સૌથી પહેલા સ્મૃતિ મંદિર ખાતે શંખેશ્વરદાદાના દર્શન અને ચૈત્યવંદન કરીને નવકારશી કરી હતી. બપોરના પાટણમાં આગમન થયું જ્યાં સ્વાદિષ્ટ લંચ કર્યા પછી રાણકીવાવની મુલાકાતે ગયા હતા. ગાઈડ દ્વારા આ ઐતિહાસિક વાવનું સુંદર વર્ણન સાંભળીને સૌએ સેલ્ફી અને ફોટો લીધા. સાંજના ચા-નાસ્તો કર્યા પછી રાત્રે **દાતાશ્રી નલીનભાઈ શાંતિલાલ શાહના** જન્મદિવસ નિમિત્તે ડાન્સ - મ્યુઝિક - ગેમ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં પાટણના અને મુંબઈથી પધારેલ મહેમાનો મન મુકીને ઝુમ્યા હતા. આ પ્રસંગે પાટણના ડૉ. જીગર પટેલ - **ડૉ. જયદીપ બારોટ તથા ડૉ. હિરેન પટેલ** પણ પરિવાર સાથે આવ્યા હતા.

બીજે દિવસે સવારના નવકારશી પછી પંચાસર ખાતે સ્નાત્ર પુજાનું આયોજન થયું હતું. ''દિશા''ના બાળકો દ્વારા સંગીત સાથે સુંદર સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. ભોજન બાદ સૌ વિદ્યાલય પરિસરમાં વર્કશોપની મુલાકાતે ગયા હતા. જ્યાં સફેદ છત્રીઓ પર બાળકોએ પોતાના મનભાવન રંગો પુર્યા હતા. આ પ્રોજેક્ટ બધા માટેજ યાદગાર બની રહેશે. બાળકોને અનેક ભેટ સોગાદ તથા સંઘ પૂજનથી બિરદાવવામાં આવેલ. ''દિશા'' દ્વારા દાતા અને પરિવારજનોને બહુમાન પત્રથી બિરદાવવામાં આવેલ.

તા. ૨૧-૧૧-૨૦૧૯ ના મગરવાડા તરફ પ્રયાણ નવકારશી અને દર્શન પૂજા મગરવાડા કરીને પાલનપુર તરફ પ્રયાણ કરેલ. પાલનપુર નિવાસી **શ્રી શાંતિભાઈના સુંદર પ્રયાસથી ત્યાંની ધર્મશાળા અને ભોજનશાળામાં સગવડ મળી હતી. પલ્લવીયા પાર્શ્વનાથ દાદાના દર્શન** કરી સૌએ ધન્યતા અનુભવી.

આ સુંદર યાત્રા-પ્રવાસના આયોજન માટે **સૌજન્યદાતા શ્રી નલીનભાઈ ચારુબેન, મનન અને સોનાલીબેન નિર્મલભાઈ અને કિંજલબેનના આભારી છીએ**

❑ **દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ**


Avishkar™
EVENTS
*Event Organiser – All Kinds Of Entertainment Events*
*& Celebrity Artists Co-ordinator*
Sukesh Shah – Mob. : 09819840737 / 08850093253
Deepa Shah – Mob. : 09819113190 / 08850091766 • Tel. Res. : 022-22090471
Email – avishkarevants9@yahoo.com • avishkarevents9@gmail.com
YouTube – www.youtube.com/shahsukesh
FB Page – www.facebook.com/avishkarevents
Instagram – www.instagram.com/avishkarevents
ADVT



**ઉત્સવ રંગ વધામણાં**

**૧૩૪ મી સાલગીરી, કનાસાનો પાડો, પાટણ, ઉ- ગુજરાત.**

**ફાગણ સુદ ત્રીજ, ૨૦૭૬ બુધવાર, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૦.**

**દીવડાં પ્રગટાવો આજ, તોરણિયાં બંધાવો આજ, અવસર રૂડો આંગણિયે !**

**સાત પ્રવેશ દ્વાર તથા પાંચ ગર્ભગૃહ દ્વારથી સુશોભિત, જાજરમાન જિનાલયમાં બિરાજમાન, ચોવીસ તીર્થંકર સહિત, ૭૨ ઇંચના પરિકરમાં શોભતા, પ્રાયઃ વિશ્વમાં અજોડ એવા શ્વેતવર્ણા, સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુ.**

**ઉત્સવની આછેરી ઝલક**

- શુભ દિનના પ્રારંભે પ્રભાતિયા
- સવારે સત્તરભેદી પૂજા અને તે દરમ્યાન વિજય મુહૂર્તે દાદાની યશોગાથા ગાતી છ ધજાઓનું આરોહણ.
- સંગીતના માધ્યમે શાસનને સમર્પિત, અમદાવાદ સ્થિત યુવાન બંધુ- બેલડી શ્રી પ્રશમભાઈ તથા શ્રી સંપ્રતિભાઈ સાથે દાદાના દરબારે સંધ્યા ભક્તિ નો અનેરો લ્હાવો. અને અંતે...

ફાગણ આયો રે, રંગે રંગાયો રે, અંગે ઉમંગ ન માયો રે, ગુલાલે પ્રભુને વધાયો રે !

સમગ્ર વિશ્વમાં ક્યાંય ન ઉજવાતી સાલગીરીની પ્રથા, વડીલો દ્વારા શરૂ થયેલ ફાગણ વધામણાં...
શ્રી શાંતિનાથ દાદાને ગુલાલના વધામણાં...

**ઉત્સવ અનુભૂતિ માટે પાટણ પધારો !**

**લિ. કનાસાના પાડાના આરાધકો**

ADVT

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2018-20.
PATAN PRATIBIMB • January 2020 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## સાભાર સ્વીકાર

**શતાબ્દી ઉજવણી સ્પોન્સરર ફંડ :**

૬,૦૦,૦૦૦/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

**શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી સ્પોટ્ર્સ એન્ડ કલ્ચરલ સેન્ટર:**

૫,૦૦,૦૦૦/- વસુભારતી ઝવેરી ટ્રસ્ટ (બ્રાહ્મણ વાડો)

**શતાબ્દી ઉજવણી ફંડ :**

૪,૦૦,૦૦૦/- શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)

**વિદ્યાલય સ્કોલરશીપ સહાય ફંડ**

૧,૫૧,૦૦૦/- શ્રી દેવદત્તભાઈ બાબુલાલ જૈન

૧,૦૦,૦૦૦/- પી. રોહીતકુમાર એન્ડ કું. (માર. મહેતાનો પાડો)

૫૧,૦૦૦/- શ્રીમતી નિરંજનાબેન દિનેશભાઈ શાહ હ. શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)

૨૫,૦૦૦/- શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ મણિયાર (ચોધરીની શેરી)

૨૧,૦૦૦/- શ્રી મનોહરભાઈ પુરષોત્તમભાઈ કંઠધર

૫,૦૦૦/- શ્રી વિજયભાઈ સારાલાલ શાહ (દેવડાવાળા) (લીમડીનો પાડો)

**મેડિકલ સહાય ફંડ :**

૧,૦૧,૧૧૧/- શ્રી જશવંતલાલ મણિલાલ શાહ (દેવડાવાળા) (લીમડીનો પાડો) સ્વ. શ્રીમતી હસુમતીબેન જશવંતલાલ શાહ (દેવડાવાળા)ની પુણ્યતિથિ નિમિત્તે

૧૫,૦૦૦/- શ્રીમતી મીનાબેન ચીમનલાલ સાંડેસરા હ. શ્રી જશવંતલાલ ચીમનલાલ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (રતનનગર)

૧૫,૦૦૦/- શ્રી જશવંતલાલ ચીમનલાલ સાંડેસરા (કેશુશેઠનો પાડો) શ્રીમતી જશુમતીબેન જશવંતભાઈ સાંડેસરાના સ્મરણાર્થે

૧૫,૦૦૦/- શ્રીમતી સરોજબેન શાહ

૧૦,૦૦૦/- શ્રી નવીનચંદ્ર પી. શાહ પરિવાર

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી વર્ષાબેન સુધીરભાઈ શાહ (લખિયારવાડો) સ્વ. શ્રી સુધીરભાઈ રમણલાલ શાહના માસિક પુણ્યતિથિ નિમિત્તે

૫,૦૦૦/- શ્રીમતી રશ્મીબેન હરણીકભાઈ શાહ હ. શ્રી હરણીકભાઈ બીપીનચંદ્ર શાહ (કોકાનોપાડો)

**શિક્ષણ સહાય ભેટ:**

૫૧,૦૦૦/- સ્વ. શ્રી નિલેશભાઈ વિનુભાઈ દેવડાવાળાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે, (લીમડીનો પાડો) હ. શ્રીમતી અનિલાબેન વિનોદભાઈ શાહ

૩૫,૦૦૦/- શ્રી કૌશિકભાઈ ચંપકલાલ શાહ (મણિયાતી પાડો) (તેમના સંતાનોને મંડળ શિક્ષણમાં સહાયક થયેલ તેના ઋણ અદાયગી ભાવથી)

૧૧,૦૦૦/- શ્રીમતી નયનાબેન લલિતકુમાર શાહ હ. શ્રી કેવીનભાઈ અને શ્રી તેજશભાઈ (કુંભારીયા પાડો)

**આર્થિક સહાય ભેટ :**

૧,૫૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન સાધર્મિક ફાઉન્ડેશન (મરીનડ્રાઈવ)

**હેલ્થકેર સાધન ભેટ :**

૨૫,૦૦૦/- શ્રીમતી પારુલબેન પ્રદિપકુમાર ઝવેરી (ખેતરપાળનો પાડો) (જાપાન)

**દિવ્યાંગ પ્રવાસ ભેટ :**

૨૧,૦૦૦/- શ્રી પ્રવિણચંદ્ર મફતલાલ શાહ (મલ્લાતનો પાડો) ચિ. અદિતી દેવાંગભાઈ મુકુંદભાઈ નગરશેઠ (મણિયાતી પાડો) અને ચિ. શ્રેયમ ધીરેનભાઈ સેવંતીલાલ શાહના લગ્ન પ્રસંગે ભેટ

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,